સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

જાન્યુઆરી - ૨૦૦૯
બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-




ચલે ગજ બૈઠકે મહારાજા, બોલત જય જય ચોપદાર બાજત બહુ બાજા...

જૂનાગઢ શહેરની આજથી બસો વર્ષ પૂર્વેની વિપુલ સ્મૃતિ છબીને પુનઃ ઝાંખી કરાવતી પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની નવગજા હાથી પર ભવ્ય શોભાયાત્રા (તા.૪-૧-૨૦૦૯)





પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ આજ્ઞાથી સરધારધામને આંગણે તૈયાર થયેલ અદ્યતન આધુનિક સુવિધા સભર નૂતન 'શ્રી ભક્ત ભોજનાલય'





તા. ૧૧-૧-૦૯ના રોજ સરધાર આંગણે તૈયાર થયેલ નૂતન 'શ્રી ભક્ત ભોજનાલય'નું વેદોક્તવિધિ અનુસાર ઉદ્ઘાટન કરતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી તથા પૂ. સ્વામી, પૂ. વડિલ સંતો તેમજ યજમાનશ્રીઓ.


1


2


3


4


5


6


7


8


9


10


11


12

## પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે સરધારધામને આંગણે યોજાયેલ નૂતન શ્રી ભક્ત ભોજનાલયનો 'ઉદ્‌ઘાટન મહોત્સવ' તથા 'ભવ્ય શાકોત્સવ' (તા. ૧૧-૧-૨૦૦૯)

૧. પ.પૂ. નાના લલાજી મહારાજશ્રીનું પુષ્પમાળા પહેરાવીને સ્વાગત કરવા પૂ. સ્વામી. ૨. ભોજનાલયના સહાયક દાતા શ્રી રસીકભાઈ થાણાને આશીર્વાદ આપતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી. ૨. ભોજનાલયના સહાયક દાતા શ્રી ધીરુભાઈ પટેલ (અમેરિકા)ને આશીર્વાદ આપતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી. ૪. ભોજનાલયના સહાયક દાતા શ્રી વિઠ્ઠલભાઈ પટેલ (કેનેડા)ને આશીર્વાદ આપતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી. ૫. ભોજનાલયના સહાયક દાતા શ્રી ભૂપતભાઈ પીપરડી (ગઢપુર મંદિર ટ્રસ્ટી)ને આશીર્વાદ આપતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી. ૬. ભોજનાલયના સહાયક દાતા શ્રી પ્રેમજીભાઈ વાનાણીને આશીર્વાદ આપતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી. ૭. ભૂજના ચિત્રકાર નવિન સોની દ્વારા તૈયાર થયેલ પ.પૂ. મોટા લાલજી મહારાજશ્રીનું તૈલચિત્ર પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીને અર્પણ. ૮. સત્સંગ પરિભ્રમણ ભાગ : ૩-૪નું વિમોચન કરતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી. ૯. મહોત્સવમાં પધારેલ સંતો-ભક્તોને આશીર્વાદ પાઠવતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી. ૧૦/૧૧/૧૨. મહોત્સવનો લાભ લેતા વિશાળ સમુદાયમાં ભક્તજનો.




**પ.પૂ.સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક' ના 'રજત જયંતિ વર્ષ'માં યોજાયેલ વિવિધ કાર્યક્રમોની તસ્વીર દર્શન**

૧. બોરિવલી(મુંબઈ) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૨. મુંબઈ પરાવિસ્તાર આયોજીત બોરિવલીને આંગણે યોજાયેલ દ્વિમાસિક સભા પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રીની નીકળેલ શોભાયાત્રા. ૩. દ્વિમાસિક સત્સંગ સભામાં ભક્તજનોને રૂડા આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૪-૫-૬. બગસરાને આંગણે યોજાયેલ ભવ્ય શાકોત્સવનો લાભ લેતા ભક્તજનો. ૭-૮-૯. અમરેલી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ અને તેનો લાભ લેતા હરિભક્તો.

આંતરરાષ્ટ્રીય
# શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ
2009

૧૦૦ કરોડ મંત્રલેખન • અનેક શહેરોમાં ઉપમહોત્સવો • મહામહોત્સવ - ગઢપુર

અધ્યક્ષ : પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ

ઉપાધ્યક્ષ : પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી મહારાજ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ





:: સંસ્થાપક :: :: અધ્યક્ષ ::

# શ્રી સ્વામિનારાયણ ચિંતન


વર્ષ :- ૪, અંક :- ૭, તા. ૨૦-૦૧-૦૯

:: પ્રયોજક ::
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

:: તંત્રી ::
સાધુ દિવ્યસ્વરૂપદાસજી

:: સંપાદક ::
સ્વામી શ્રી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)


સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના ઓક્ટોમ્બર માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ -પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

| | |
|---|---|
| બે વર્ષ | : રૂા. ૧૬૦/- |
| પંચવાર્ષિક | : રૂા. ૩૫૦/- |
| પચ્ચીસ વર્ષ | : રૂા. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 200 U.S.A. |
| | : £ 100 U.K. |


:: લવાજમદર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
Visit us : www.sardhardham.org
E-mail : amrutdhara2003@yahoo.com


## આંતરરાષ્ટ્રીય શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ 2009

૧૦૦ કરોડ મંત્રલેખન • અનેક શહેરોમાં ઉપમહોત્સવો • મહામહોત્સવ - ગઢપુર

અધ્યક્ષ : પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ

ઉપાધ્યક્ષ : પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી મહારાજ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ

## :: અનુક્રમણિકા ::


૧ રજત જયંતિ વર્ષ કોટિ કોટિ વંદન... ૦૬
- સંકલિત

૨ આજના યુગના માણસને માનવી થતાં શીખવે છે : શિક્ષાપત્રી... ૦૮
- સાધુ અમૃતસ્વરૂપદાસ, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૩ વિશ્વાસઘાતો નો કાર્ય : શિક્ષાપત્રી... ૧૪
- સાધુ યોગેશ્વરદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૪ આજના વર્તમાન યુગનો એક્સ - રે : શિક્ષાપત્રી... ૧૮
- પાર્ષદ ખુશાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૫ દારુ-ડ્રગ્સ જેવા જીવલેણ દુર્વ્યસનોથી દૂર રાખતી, હિતકારી માતા : શિક્ષાપત્રી... ૨૨
- પાર્ષદ કૃણાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૬ માઘસ્નાન માહાત્મ્ય... ૨૭
કો.સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી - સરધાર

૭ શ્રદ્ધાનું સ્વરૂપ અને શક્તિ... ૨૮
- પાર્ષદ સરજુદાસ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૮ સત્સંગ સમાચાર... ૩૨
- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી તથા સાધુ અમૃતસ્વરૂપદાસ - સરધાર

૯ આગામી કથા-પારાયણો તથા મહોત્સવો... ૩૫
- સંકલિત


**ઘેર બેઠાં સત્સંગનો અલૌકિક લ્હાવો લેવા માટે...**

**આજે જ કલીક કરો નીચે આપેલ વેબસાઈટ પર...**

www.swaminarayanvadtalgadi.org
www.gopinathji.com
www.sardhardham.org
www.swaminarayan-us.org



બાળલાલજી સ્વરૂપે વડતાલ પીઠાધિપતિ
પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ,
ધર્મકુળ ચુડામણી
આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



પ.પૂ. દાદાશ્રી (પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી)ના ખોળામાં
પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા સ્વહસ્તે
લેખીત શિક્ષાપત્રીની ૧૮૪મી જન્મજયંતિ પ્રસંગે...

# આજના યુગના માણસને માનવી થતાં શીખવે છે : શિક્ષાપત્રી

- સાધુ અમૃતસ્વરૂપદાસ, ગુરુ :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**"...માણસ સિંહથી કે વાઘથી, સર્પથી કે શિયાળથી, રાક્ષસથી કે હાથીથી એટલો નથી છેતરાયો, જેટલો માણસથી છેતરાયો છે. ભૂકંપે કે વાવાઝોડાએ, સુનામી કે જ્વાળામુખીએ એટલા માણસોને ખતમ કર્યા નથી જેટલા માણસોએ ખતમ કરી નાખ્યા છે..."**



**'કઈ ધાતુથી ઘડનારાએ આપણાં ઘાટ ઘડેલા,**
**ઘસીને ઘસીને માંજીએ તોય રોજના કાટ ચઢેલા;**
**આપણે માનવી મનના મેલા...**
**મૂળ મીઠેરી ભોમમાં તોય મૂળ તો કડવા વેલા,**
**વણનારાએ વણતી વેળા તાર કેવાય વણેલા;**
**ઉજળા એવા રંગ ચઢાવો તોય સદા ફટકેલા,**
**આપણે માનવી મનના મેલા...**
**આંધળી કહેતી કદરૂપીને વાહ ! શું રૂપ ભરેલાં,**
**આપણે અરે ! મુરખ કેવાં આપણાં પર જ ઘેલા;**
**આપણે માનવી મનના મેલા...'**

૨૦૦૦ વર્ષ પૂર્વે બપોરના બાર વાગ્યે હાથમાં સળગાવેલું ફાનસ લઈને સૉક્રેટિસ માણસ શોધવા માટે નીકળેલા. એમને સામે ડૉક્ટર, એન્જિનિયર, વકિલ વગેરે મળ્યા. બધાને પૂછે : 'ભાઈ ! તું કોણ છે ?'

'હું ડૉક્ટર છું.'

'તું કોણ છે ?'

'ઈજનેર.'

પછી કોઈએ કહ્યું : ''હે સૉક્રેટિસ ! તમે ભરબપોરે આ ફાનસ લઈને શું શોધવા નીકળ્યો છો ?''

''માણસ શોધવા નીકળ્યો છું.'' સૉક્રેટિસે કહ્યું : ''મને ડૉક્ટર, ઈજનેર, વકિલ વગેરે મળ્યા પણ માણસ મળ્યો નહિ !''

આજે એનસાઈક્લોપીડિયાની - જ્ઞાનની વખારો છે, પરંતુ માણસ દેખાતો નથી.

આજના વર્તમાન સમાજના માણસની વૃત્તિની હીનતા કેટલે અંશે વધી ગઈ છે ! જેના માપનું કોઈ મીટર નથી.

નિત્ય સવારે છાપું ઉઘાડો એટલે તેમાં બળાત્કાર, ચોરી, લૂંટ, વિમાન હાઈજેક, છેતરપીંડી, સ્ત્રી-બાળકોની સામૂહિક મારપીટ-હત્યા, વેપારીઓમાં ભ્રષ્ટાચાર, ખૂન, ગુંડાગીરી અને અનૈતિક પ્રવૃત્તિઓના સમાચાર વાંચવા મળે છે. રોજે રોજના બનાવોમાં માણસાઈના દુકાળનાં દર્શન થાય છે. તેથી કો'ક કવિ કહે છે :

**'માનવીએ ઈજ્જત વેંચી ધરમ વેંચ્યો ને વેંચી પોતાની ટેક,**

**પ્રભુ તારા ફોટા વેંચી એનો લીધો એણે ચેક;**
**માનવી મંદિર વેંચશે મસ્જિદ વેંચશે બાકી કાંઈ ન રાખશે,**
**હે ભગવાન ! ભૂલે ચૂકે જો તું સામો મળ્યો તો તને પણ વેંચી નાખશે.'**

અન્ન એવો ઓડકાર. માંસાહારી પશુઓ હિંસક છે. શાકાહારી પશુઓ નમ્ર છે. જેવો ખોરાક તેવી સંસ્કૃતિ ઘડાય છે. માંસાહારથી માણસમાંથી માણસાઈ ચાલી ગઈ છે. માનવ જંગલી રાક્ષસ બની ગયો છે. તેથી જ તો માનવ માનવને સારી રીતે મારવાની શોધો કરી રહ્યો છે !

આજે વિશ્વના અતિ બુદ્ધિશાળી વીસેક હજાર લોકો 'deathfactory' એટલે માનવને કેવી રીતે મારી નાખવો તેની યોજનાવાળા કારખાનાંઓમાં કાર્યવ્યસ્ત છે. ન્યૂટોન બોમ્બે તો સર્જનહારના ઉત્તમ સર્જન એવા માનવની કિંમત વિશ્વની બજારમાં કોડીની કરી નાખી છે. વિયેટનામ, ક્યુબા, કોરિયા વગેરે દેશો બરબાદ થયા તેમાં અન્નજળનો દુકાળ નહોતો, માનવતા મરી પરવારી હતી.

સવારના પહોરમાં એક બાળકે તેમના પિતાજીને પૂછ્યુ : "પિતાજી ! આ દુનિયાના ત્રણ ભાગમાં પાણી ને એક ભાગમાં જમીન, તો આટલું બાકી કેમ?" ત્યારે તેના પિતાજીએ વિચાર કરીને તેને કહ્યું : "બેટા ! ભગવાને ત્રણ ભાગમાં પાણી દીધું છે, પરંતુ માણસ હવે ચોથા ભાગમાં ફેરવશે પાણી !"

કેલક્યુલેટર, કમ્પ્યૂટર, મોબાઈલ, ટી.વી., કેબલ, વેબસાઈટ, ઈન્ટરનેટ, ઉપગ્રહ, સેટેલાઈટ, હેલિકૉપ્ટર, વિમાન, રૉકેટ, ચંદ્ર પર ઉતરાણ, રણપ્રદેશમાં પાક, શરીરના અવયવોની અદલાબદલી, આકાશને આંબવા મથતાં મકાનો, કૃત્રિમવરસાદ, પડકારભર્યા ઑપરેશનો, ઘરઘંટી, વૉશિંગ મશીન, હીટર, ગીઝર, કૂકર, ઍર-કન્ડિશનર... હા... એક બાજુ આ જંગી ભેટો જગતને આપી છે આજના માનવીએ પણ સબૂર !

બંદૂક, મશીનગન, ન્યૂ કલીયર બૉમ્બ, એટમબૉમ્બ, એ.કે. ૪૭, ઝેરી રસાયણો, ક્રૂરતમ કતલખાનાંઓ, ગર્ભપાત કેન્દ્રો, વાસનાના નગ્ન તાંડવો ખેલતા વિલાસનાં સાધનો, લોભને લોભાંધતામાં રૂપાંતરિત કરી દેતી અર્થ વ્યવસ્થાઓ, કામને કામાંધતામાં બદલી નાખતી જીવનશૈલીઓ, આત્મીયસંબંધોને સ્વાર્થ સંબંધોમાં બદલી નાખવાનું મન થતું રહે એવી વિચારણાઓ, રાસાણિયક ખેતરોના બેફામ વપરાશ દ્વારા જમીનને કસહીન બનાવી દેતી અન્ન ઉત્પાદનની યોજનાઓ... આ લોહિયાળ અને ખતરનાક ભેટો પણ આ જગતને આજના માનવીએ જ આપી છે.

એક કવિ તો માનવી વિષે પોતાની વ્યથા આ રીતે ઠાલવે છે :

**સૂરજે ચંદ્રને કહ્યું, 'તું આવ તો મને આરામ મળે.'**
**ચંદ્રએ અમાસને કહ્યું, 'તું આવ તો મને આરામ મળે.'**
**પૃથ્વીએ પ્રભુને કહ્યું, 'માનવી ઉપાડ તો મને આરામ મળે.'**
**માનવીએ માનવીને કહ્યું, 'તું શાંત થા તો મને આરામ મળે.'**
**હવે તો મારા શ્વાસે મોતને કહ્યું, 'તું આવ તો મને આરામ મળે.'**

પૂર્વ આફ્રિકાના યુગાન્ડા દેશમાં અઠ્ઠાવીસ હજાર ચોરસ માઈલનું મીઠા પાણીનું વિક્ટોરીયા સરોવર છે, જેમાંથી નાઈલ નદી નીકળે છે. માગ્યા મેઘ વરસે છે. પૃથ્વી રસકસથી ભરપૂર છે. આ સમૃદ્ધ દેશમાંથી ઘણી નિકાસ થતી, પણ ૧૯૭૨માં આ દેશમાં બ્રેડનો ટુકડો પાંચસો રૂપિયાનો થઈ ગયો ! લોકોને ખાવા ધાન, પહેરવા વસ્ત્રો ન રહ્યાં. આવું બન્યું કેમ? શું સરોવર સૂકાઈ ગયું ? કે મેઘરાજા રૂઠી ગયા ? કે પૃથ્વીએ રસકસ છોડી દીધાં ? ના, આવું કશું જ થયું નથી. પણ ત્યાંના રાષ્ટ્રપ્રમુખ - ઈદી અમીનમાંથી માણસાઈ ચાલી ગઈ એટલે આવી કરુણ પરિસ્થિતિ સર્જાણી.

જોઈ લો હજારો વરસોનો ઈતિહાસ. માણસ સિંહથી કે વાઘથી, સર્પથી કે શિયાળથી, રાક્ષસથી કે હાથીથી એટલો નથી છેતરાયો, જેટલો માણસથી છેતરાયો છે. ભૂકંપે કે વાવોઝોડાએ, સુનામી કે જ્વાળામુખીએ એટલા માણસોને ખતમ કર્યા નથી જેટલા માણસોએ ખતમ કરી નાખ્યા છે. ઝેરના સેવને કે અકસ્માતોની હારમાળાઓએ એટલા માણસોને પરલોકમાં રવાના નથી કર્યા જેટલા માણસોએ રવાના કર્યા છે.

કારણ ? આ એક જ. અંદરથી એ કાળો, બહારથી ઊજળો. જબાનથી એ ફાંકડો, હૃદયથી એ રાંકડો. ફોટામાં એ સસલા જેવો અને એક્સ-રેમાં એ શિયાળ જેવો. મહોરું એનું સંતનું અને ચહેરો એનો શેતાનનો. આચરણ દેખાય એનું દીવાળી પ્રગટાવતો હોય એવું અને અંતઃકરણમાં એ બેઠો હોય હોળી પ્રગટાવીને.

અત્યાર સુધીના પાણીના દુકાળોમાં બધા મળીને દશેક લાખ માણસો મર્યા છે. પણ આ સદીમાં ૧૯૧૪ અને ૧૯૩૯માં બે ભયંકર દુકાળ માણસાઈના પડ્યા. પહેલો દુકાળ એટલે કે પહેલું વિશ્વયુદ્ધ પાંચ વર્ષ ચાલ્યું અને બીજો દુકાળ છ વર્ષ. તેમાં છ કરોડ અને ચાલીસ લાખ માનવો ભરખાઈ ગયા.

આ બે વિશ્વયુદ્ધોમાં અન્નજળનો દુકાળ નહોતો પણ માનવતાનો દુકાળ હતો. આજે પણ ભારતના અમુક પ્રાંતોમાં આતંકવાદીઓ દ્વારા રાક્ષસી રીતે નરસંહાર ચાલી જ રહ્યો છે ને ! અનાજના દુકાળ કરતાં આવા દુકાળો ભયંકર હોય છે.

દરેકે અનિષ્ટોનું મૂળ માણસનું મન છે. આ મનનું નિયમન કરવા ભગવાન શ્રી

સ્વામિનારાયણ સ્વહસ્તે લખેલી નિયમાવલી-શિક્ષાપત્રી આપી. જેમાં દરેક વ્યક્તિને તો આવરી લીધા છે પણ સાથે સાથે અમુક સામુહિક નિયમો પણ આપ્યા છે. આ શિક્ષાપત્રીમાં અનેક પ્રશ્નોનું સુંદર સમાધાન છે.

માનવ જીવનમાં પ્રશ્નો તો આવતા જ રહેવાના છે. કારણ કે કોઈ એક જ માણસ જુદાં જુદાં સ્વરૂપે હોય છે. પિતા તરીકે હોય છે, કોઈ ભાઈ તરીકે હોય છે, તો કોઈ મિત્ર પણ હોય છે, તો કોઈનો પડોશી પણ હોય છે. વગેરે વગેરે પ્રત્યેક સંબંધોથી માણસ સંકળાયેલો છે. આજના સમાજમાં વ્યવહારિક, આર્થિક અને આંતરિક અનેક પ્રશ્નો છે. ભારત અને બીજા દેશોમાં ઘણી વ્યક્તિઓ કંગાલ અવસ્થામાં જીવન જીવે છે. લોકોને જ્યારે ખાવાનો પ્રશ્ન જ ઊભો છે ત્યારે તેને આત્મા-પરમાત્માની વાતો શું કરવી. પોતાના અનેક પ્રશ્નોના સમાધાન કરવામાં માણસની પરિસ્થિતિ ત્રિશંકુ જેવી થઈ છે. માણસ વર્તમાન સમયે ક્યાં ઊભો છે તેની તેને ખબર જ નથી. ખરેખર તો માણસ નથી રહ્યો માણસ કે નથી થયો પ્રાણી. આ બંને વચ્ચે ઊભો થઈ રહ્યો છે. આજે લોકોના જીવનમાંથી મર્યાદા ટળી ગઈ છે. ચોરી, લૂંટફાટ, ખુન, વ્યભિચાર વગેરે અનેક દુર્ગુણોથી લોકમાનસ સંપૂર્ણ વ્યાપ્ત થયેલું છે.

ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને તત્ત્વજ્ઞાની ડૉ. રાધાકૃષ્ણન્ એમના પુસ્તકમાં કહે છે કે "માનવ માછલીની જેમ પાણીમાં તરતા શીખ્યો અને પંખીની જેમ આકાશમાં ઊડતા શીખ્યો પણ દુર્ભાગ્યે આ પૃથ્વી ઉપર માનવની જેમ ચાલતા ન શીખ્યો."

હેન્રી વોર્ડ બીચન કહે છે : 'Man at the bottom an animal, midway a citizen and at the top divine, but the climate of this world is such that few ripe at the top. - 'માણસ તેના ભોંયતળિયે પાશવી (એક પશુથી પણ નીચો રાક્ષસ) છે, વચ્ચે નાગરિક છે અને ઊંચે દિવ્ય છે. પણ આ જમાનાની હવા એવી છે કે ભાગ્યે જ કોઈ દિવ્યતાવાળું જીવન જીવે છે.'

ગુજરાતના પ્રસિદ્ધ ચિંતક **ગુણવંતભાઈ શાહ** કહે છે : "ઘરની દીવાલ ઉપર ત્રણ પેઢીથી **બગડી ગયેલું ઘડિયાળ** ટીંગાતું હોય તો પણ તેને **ઘડિયાળ** જ કહેવું પડે છે. પાણી વગરની **નદીને** પણ **નદી** જ કહેવી પડે છે. આકાર ઉપરથી આદતના જોરે આપણે આવું કહેતા હોઈએ છીએ. આવી જ રીતે **જે માનવમાં માનવતાનો લેશ ન હોય પણ** તેને **માનવ** કહેવો પડે છે. હકીકતમાં તો 'જેકલ એન્ડ હાઈડ'ની જેમ તે માનવનું મહોરું પહેરેલો કોઈ શેતાન જ છે." એક કવિ પોતાની માનવીના વિષે વ્યથા ઠાલવતાં કહે છે :

**'ભગવાન થયો નિવૃત્ત ઈન્સાન બનાવીને,**
**ઈન્સાને કર્યો સોદો ભગવાન બનાવીને;**
**કૃત્યો કરીને કાળા ભગવાન માથે ઢોળ્યા,**
**પસ્તાયો હવે ભગવાન ઈન્સાન બનાવીને.'**

કવિ સુંદરમે વાજબી જ કહ્યુ છે કે 'હું માનવી માનવ થાઉં તો ઘણું.'

**'ઈસપની નીતિકથાઓ'** નામની લોકપ્રિય વાર્તાઓ લખનાર **ઈસપ** એક ધનવાનને ત્યાં **ગુલામ** હતા. એકવાર તેના માલિકે તેને કહ્યું : "ઈસપ ! તું જાહેર સ્નાનાગારમાં જોઈ આવ કે ત્યાં માણસોની કેવીક ભીડ છે. મારે તે સ્નાનાગારમાં નહાવા જવું છે."

માલિકના હુકમ પ્રમાણે ઈસપ ત્યાં ગયા. તપાસ કરીને આવ્યા અને કહ્યું : "માલિક ! સ્નાનાગાર ઉપર માણસોની ભીડ નથી. ત્યાં **માત્ર એક માણસ** છે."

આ સાંભળી તેમના માલિક સ્નાનાગાર ઉપર નહાવા ગયો. ત્યાં જઈને જોયું તો માણસોની ભારે ભીડ જામી હતી. તેને ઈસપ ઉપર ખૂબ ચીડ ચડી. સ્નાન કર્યા વિના જ ઘેર પાછો ફર્યો અને ઈસપને ધમકાવવા લાગ્યો : "અરે જૂઠ્ઠા ! તને ખોટું બોલતા શરમ ન આવી ? ત્યાં તો માણસોના ટોળેટોળા હતા અને તે તો કહ્યું કે ત્યાં એક જ માણસ છે."

ઈસપે નમ્રતાથી જવાબ આપ્યો : "માલિક ! હું ખોટું નથી બોલ્યો. મેં જે કહ્યું તે બરાબર છે. ત્યાં એક જ માણસ હતો."

માલિકે મોટેથી કહ્યું : "અરે ભાઈ ! હું હજી જોઈને આવું છું કે ત્યાં માણસોનો મેળો જામ્યો હતો."

ઈસપે શાંતિથી કહ્યું : "જુઓ સાહેબ ! ત્યાં સ્નાનાગારના પગથિયાં નજીક એક મોટો પથ્થર પડ્યો હતો. તે આવતા-જતા બધા માણસોને નડતો હતો. પણ કોઈ માણસે તેને હાથથી ઊંચકીને દૂર કર્યો નહિ. પરંતુ એ વખતે ત્યાં એક માણસ આવ્યો. તેણે આ **પથ્થર ઊંચકીને દૂર મૂકી દીધો** જેથી કોઈને ઠેસ વાગે નહિ. મારી દૃષ્ટિએ પાગલોની જેમ અથડાતા માણસોના ટોળામાં **સાચો માણસ** આ **એક જ** હતો. જેનામાં માનવતા ન હોય તેને 'માણસ' કહી શકાય ખરો ? જેનામાં વિવેક-બુદ્ધિ ન હોય તેને **માણસ** કહી શકાય ખરો ?"

સ્નાનાગારમાં માત્ર એક જ માણસ છે એમ મેં જે કહ્યું હતું તે **માનવતાથી ભરેલા આ માણસ**ને ધ્યાનમાં લઈને જ કહ્યું હતું. માણસોના ટોળામાં **'માણસ'** તો જવલ્લે જ જોવા મળે છે.

આજે ઈજનેરો, દાક્તરો વગેરે વગેરે ઘણા વધ્યા છે પણ બધે જ 'માણસ'ની ખોટ વર્તાય છે.

ગાર્ફીલ્ડને કોઈએ પૂછ્યું : "તારે ઈજનેર થવું છે કે દાક્તર?" તેણે સુંદર જવાબ આપ્યો કે 'મારે પહેલાં મનુષ્ય થવું

છે.'

થોડાં વર્ષો પહેલાં **'સ્વોઈલેટ ગ્રીન'** નામનું ચલચિત્ર આવેલું. તેમાં દર્શાવ્યું હતું કે સને ૨૦૨૫માં માનવવસ્તી કીડિયારાની જેમ ઊભરાશે. પછી રસ્તાઓ ઉપરથી માણસોને બુલડોઝરથી ખસેડવા પડશે ! લીલોતરીનો તદ્દન અભાવ થશે. તેથી વસતી ઘટાડવા ઘણા વૃદ્ધોને ધીમાં ઝેરનાં ઈન્જેકશનો આપી તેમનું મોત નીપજાવીને તેમના માંસમાંથી બિસ્કિટ બનાવીને લોકોને ખવડાવશે ! આ તો કલ્પના છે, પરંતુ આવું વાસ્તવમાં બનેલુંય ખરું કે અતિવૃદ્ધો, અને અસાધ્ય રોગવાળા મનુષ્ય દેશને ભારરૂપ છે - એમ સમજી હિટલર તો તેમની હિંસા જ કરી નંખાવતો !

માણસના આવા સુકાળમાં કંઈક જુદો જ 'માણસાઈનો દુકાળ' વર્ણવતાં સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ એમની વાતોમાં એક સાખી ટાંકી છે :-

**'દેશ દેશાંતર બહોત ફીર્યા, મનુષ્યકા બહોત સુકાળ;**
**જાકું દેખી છાતી ઠરે, વાકા પડ્યા દુકાળ.'**

વિશ્વની ગીચ માનવવસતીમાં જેને જોઈને છાતી ઠરે એવા માણસાઈવાળા માનવનો દુકાળ છે. રાવણનું પંદર હજારનું કુટુંબ હતું. કૌરવો સો હતા, પણ તેનાથી વિશ્વને કે તે વ્યક્તિને ફાયદો શો ? મુંબઈની એક ઝૂંપડપટ્ટીના વિસ્તારમાં અગિયાર લાખ માણસો રહે છે, પણ તેમાં કોઈ મફત રહેવાનું આપે તો પણ કોઈ ભદ્ર માણસ ત્યાં પગ મૂકે નહિ. ન્યુયોર્કમાં પણ એક ગીચ વિસ્તાર આ જ કક્ષાનો છે. ભારતનાં અમુક ગામડાંઓમાં તો અમુક માણસોની સંખ્યા વધુ હોય છતાં ભદ્ર લોકો તેમને માનવવસતીની ગણતરીમાં ગણતા જ નથી !

બાઈબલમાં **સોડમ** નામના શહેરની વાત આવે છે. આ શહેરની વસતી ઘણી, પણ તેમાં માણસાઈવાળા માણસોનો અભાવ હતો. તેથી ભગવાને તે શહેરનો નાશ કરવા વિચાર્યું. ત્યારે **અબ્રાહમ** નામના **ફિરસ્તા**એ કહ્યું : ''ભગવન્ ! આ શહેરનો નાશ ન કરો તો સારું !''

ભગવાને કહ્યું : ''તમે ગામમાંથી પચાસ સારા માણસ લાવી આપો તો હું નાશ નહિ કરું.'' અબ્રાહમ પચાસ માણસ શોધવા ગયા પણ મળ્યા નહિ. પછી ભગવાને કહ્યું : ''પચીસ લાવો.'' તેમને પચીસેય ન મળ્યા, ભગવાને કહ્યું : ''દશ લાવો.'' દશેય ન મળ્યા. પછી કહ્યું : ''પાંચ લાવો.'' પાંચ પણ ન મળ્યા. છેવટે ભગવાને કહ્યું : ''એક તો લાવો, તો પણ હું શહેરનો નાશ નહિ કરું.'' પણ અબ્રાહમને શહેરમાંથી એક પણ સારો માણસ ન મળ્યો એટલે ભગવાને તે શહેરને ફૂંકી માર્યું.

આમ, ગીચ માનવ-વસતીમાં ઘણીવાર માનવતાનું વેરાન હોય છે. એટલે તો એક વાર અમેરિકાના **ટેક્સાસ** રાજ્યમાં છાપામાં જાહેરાત આવેલી કે 'Wanted Holy man' - 'કેવળ માનવ, પણ માનવતાવાળો માણસ જોઈએ છે !'

**'કળિયુગની આ દુનિયામાં દેવી દેવતાઓ થયા છે ગુમ,**
**ત્યાં સાચો માનવ મળે તોય ઘણું છે.'**

જૂનાગઢમાં લાખોની વસતી છતાં નવાબ સાહેબ દીવાન નડિયાદથી લાવેલા.

(સ.ગુ. શ્રી કૃષ્ણચરણદાસજી સ્વામીની વાતો)

ભૌતિક વિકાસ દ્વારા સૌ ૨૧મી સદીમાં જવા માગે છે, પણ માણસમાં માણસાઈ નહીં હોય તો આ બધાં સાધનો વિનાશ સર્જશે. એટલા માટે પહેલા માનવ તૈયાર થવો જોઈએ. જિંદગીની મૂલ્ય વર્ણવતા એક કવિ કહે છે :-

**'પાસા છે જિંદગીના બે, એક માનવતા બીજી દાનવતા;**
**મનાય જાય વચન કોઈ સંતતણું, તો થઈ જવાશે માનવી;**



"ઘરની દીવાલ ઉપર ત્રણ પેઢીથી બગડી ગયેલું ઘડિયાળ ટીંગાતું હોય તો પણ તેને ઘડિયાળ જ કહેવું પડે છે. પાણી વગરની નદીને પણ નદી જ કહેવી પડે છે. આકાર ઉપરથી આદતના જોરે આપણે આવું કહેતા હોઈએ છીએ. આવી જ રીતે જે માનવમાં માનવતાનો લેશ ન હોય પણ તેને માનવ કહેવો પડે છે. હકીકતમાં તો 'જેકલ એન્ડ હાઈડ'ની જેમ તે માનવનું મહોરું પહેરેલો કોઈ શેતાન જ છે."





> ‘ધર્મેણ હીનાઃ પશુભિઃ સમાનાઃ’ **જેવું થયું છે. ગધેડાને કોઈ દા’ડો કહેવું નથી પડ્યું કે ‘હે ગધેડા, તું ગધેડો થા.’ એ બિચારો વ્યવસ્થિત રીતે ગધેડો છે જ.**



**બાકી તો દુનિયામાં ઠેર ઠેર ફરે છે દાનવી.’**

સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી કહે છે :- “સાધુ પરદેશથી ભાવડા ઝાલી લાવે છે અને પછી જ્ઞાન દઈ એને માણસ બનાવે છે.”

ભાવડા એટલે તદ્દન જંગલી માણસ. દોઢસો વર્ષ પહેલાં સ્વામીશ્રીએ ભાવડાની ઉપમા આપી ત્યારે આજેય વિચાર કરીએ કે આજનો માણસ પણ **‘માણસ’** છે કે કેમ? આપણે માનવ બનીએ એ પહેલું પગથિયું પછી ઉત્કર્ષની વાત. આપણને હાથ-પગ, આંખ-નાક છે એટલે આપણને થાય કે આપણે માણસ છીએ. પણ પાણી ન હોય તોય નદી એ નદી, સમય ન બતાવે તોય ઘડિયાળ એ ઘડિયાળ ને સુગંધ ન હોય તોય ફૂલ એમઆદતને જોરે કહેવાય છે. તેમ માણસમાં માણસાઈ ન હોય તોપણ તે માણસ કહેવાય છે, શું થાય ? કહેવો તો પડે ને ! બીજું તેને શું કહેવું ? પૂંછડું નથી એટલે એને કઈ શ્રેણીમાં મૂકવો ?

માણસ પશુથી જુદો કઈ રીતે પડે છે ? પૂંછડાથી ? શિંગડાંથી ? ના, માણસ પશુથી જુદો પડે છે ધર્મથી.

**‘હૃદયમાં જે માનવનો ગમ સાચવે છે, અસલમાં એ સાચો ધરમ સાચવે છે.’**

એટલા માટે વેદોની ભાવના મનુએ પોતાના એક શ્લોકમાં કહી. ધર્મનાં લક્ષણ ગણાવ્યાં :

‘धृतिः क्षमा दमोऽस्तेयं शौचमिन्द्रियनिग्रहः । धीर्विद्या सत्यमक्रोधः दशकं धर्मलक्षणम् ॥’

ધીરજ, ક્ષમા, બાહ્ય ઈન્દ્રિયોનો સંયમ, અસ્તેય - કોઈપણ પ્રકારની ચોરી ન કરવી, પવિત્રતા, ઈન્દ્રિયોનો નિગ્રહ, બુદ્ધિ, સદ્‌વિદ્યા, સત્ય, અક્રોધ - આ દશ ધર્મનાં લક્ષણ કહેવાય અને આ ધર્મ જેમાં હોય એ મનુષ્ય કહેવાય. આ ભેદરેખા આજે ભૂંસાઈ જવા માંડી છે, ‘धर्मेण हीनाः पशुभिः समानाः’ જેવું થયું છે. ગધેડાને કોઈ દા’ડો કહેવું નથી પડ્યું કે ‘હે ગધેડા, તું ગધેડો થા.’ એ બિચારો વ્યવસ્થિત રીતે ગધેડો છે જ.

આપણા વેદોએ તો માનવને કહ્યું છે : **‘मनुर्भव’** - ‘હે મનુષ્ય ! તું મનુષ્ય થા.’ વેદાદિક શાસ્ત્રોએ માનવ થવાના ઘણા ઘણા ધર્મો આપ્યા છે. તે સર્વના સારરૂપે સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે **શિક્ષાપત્રી** આપીને **માણસાઈનો દુકાળ દૂર કરવા** વિશ્વ ઉપર જાણે **ધર્મની વાદળી** વરસાવી દીધી ! તેમાં માણસને માણસ અને તેથીય આગળ **‘અક્ષરમુક્ત’** બનાવવા સુધીની ચારુ વ્યવસ્થા કરી છે.

**‘બહુ દુર્લભ છે માનવી બનવું, દેવને પણ અલભ્ય એ પદ છે.’** - અમૃત ઘાયલ

શિક્ષાપત્રી એટલે માણસાઈ ભરેલા માણસો તૈયાર કરવાનું મેન્યુઅલ છે ! માણસ બહુ જલદીથી એકવીસમી સદીમાં પહોંચી જવા ઉત્સુક છે. પણ ૨૧મી સદીમાં માણસાઈ ખોઈ ન બેસે તેનું કોઈ આયોજન ક્યાંય સંભળાતું નથી ! તે વખતે અધોગતિ એ પ્રગતિનો પર્યાય બની રહેશે. તેવે વખતે તેને **માણસાઈના પાઠ** પઢાવવાની વધુમાં વધુ જરૂરિયાત રહેશે, નહિતર ‘માનવ ચોથું **વિશ્વ યુદ્ધ** પથ્થરથી લડશે.’ - આ **આઈન્સ્ટાઈનનું** કથન સાચું પડશે. ૨૧મી સદીમાં માણસને બદલે મડદાં જ રહેશે.

જિનેટિક એન્જિનિયરીંગ દ્વારા સારા-નરસા રૂપ-રંગ-સ્વાસ્થ્યવાળા માણસો બનાવી શકાય એમ વિજ્ઞાન કહે છે. પણ અણુબોમ્બની સંસ્કૃતિના સર્જક એવા માનવતા વગરના આજના વૈજ્ઞાનિકો સારા મોડલ તો નહિ જ બનાવે પણ તેઓ તો માનવજાતને નાશ કરનાર શેતાન જ બનાવશે ! અને ટેસ્ટટ્યુબરૂપી બૉટલમાંથી નીકળેલા આ જીનને પાછો પૂરવો તેમને માટે પણ મુશ્કેલકાર્ય થશે. એટલા માટે દારુ ન પીવો, માંસ ન ખાવું, જુગાર ન રમવો, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો, આચારવિચાર બરાબર પાળવા વગેરે વગેરે પાયાના નિયમોમાં જ રહે તે માનવ

કહેવાય, એમ શિક્ષાપત્રી સમજાવે છે.

માનવતાની મહત્તા વર્ણવતા **પ.પૂ. લાલજી મહારાજશ્રી** કહે છે :-

''આ સત્સંગ છાવણીનો હેતુ જીવાત્માને ભગવાનની ઓળખાણ થાય, સ્નેહ થાય એ તો છે જ, પરંતુ સાથે સાથે જીવાત્માને આ જે **મનુષ્યદેહ** મળ્યો છે તે સાચા અર્થમાં **આ જીવ માનવ થાય** એ પહેલો **હેતુ** છે. આપણને એમ થાય કે મનુષ્યને માનવ કેમ કરવા ? આપણે માણસ તો છીએ, હાથ-પગ, કાન-નાક, આંખ-મોં વગેરે બધું જ માણસ જેવું મળ્યું છે તો માણસ કેવી રીતે કરાય ? પરંતુ આકૃતિ જે છે, પિંડ એ પંચભૂતનું બને છે અને પિંડની અંદર જે ચૈતન્ય તત્ત્વ છે તેનું નામ જીવ છે. આ પિંડની આકૃતિ ગમે તેવી હોય, પરંતુ તેની અંદર જીવ જ્યારે પ્રવેશે ત્યારે તેને **જીવતું** કહેવાય. અને એ પિંડમાંથી જીવ જ્યારે નીકળી જાય ત્યારે તેને **મડદું** કહેવાય. માણસની આપણને આકૃતિ મળેલી છે પણ માણસની આકૃતિને **સાચા અર્થમાં મનુષ્ય** શાસ્ત્રો ત્યારે કહે છે કે -

'आहार निद्रा भय मैथुनं च सामान्यमैतत्पशुभिर्नराणाम् ।

धर्मोहि तेषामधिको विशेषो धर्मेण हिना पशुभिः समाना ।।'

શાસ્ત્રોમાં ચોર્યાસી લાખ પ્રકારની વિવિધ આકૃતિઓ બતાવેલી છે. તેને સામાન્ય રીતે જુઓ તો બધી જ આકૃતિઓમાં જીવાત્મા રહેલો છે. છતાંય બધાય એક સરખા ગણ્યા. માનવને સાચા અર્થમાં માનવ બનાવવાનુ કાર્ય જો સત્સંગ કરતું હોય, તેની પાછળનું કારણ એ છે કે - 'धर्मोहि एषामधिको विशेषो' - માનવના જીવનમાં ધર્મની પ્રેરણા કરવામાં આવે છે. અને ધર્મનું જ્યારે સિંચન કરવામાં આવે છે અને ધર્મને અનુસરીને જ્યારે ભગવાનની ભક્તિ થાય છે ત્યારે જીવાત્માનું કલ્યાણ થવું સંભવ બને છે. અને આ રીતે જ્યારે પોષણ કરવામાં આવે છે ત્યારે એમકહી શકાય કે મનુષ્યની આકૃતિમાં રહેલા જીવાત્માને વાસ્તવમાં **માનવ** બનાવવામાં આવ્યો અને એવી **લેબોરેટરી** આજે આ સરધારમાં સત્સંગ છાવણીની અંદર ખોલવામાં આવી છે. એટલા માટે આપણા સહુ માટે આ ખરેખર એક **અલભ્ય લ્હાવો** છે કે કળિયુગમાં જ્યારે વિટંબનાઓની અંદર દુઃખ-દારિદ્રતામાં જ્યારે જીવાત્માને ક્યાંય આશરો નથી મળતો ત્યારે **ભગવાનનું શરણ** એક એવું છે જે જીવાત્માને એ કષ્ટમાંથી **મુક્તિ** અપાવે છે. શાસ્ત્રો **અમૃત** છે, કારણ તે અમૃતનો ગુણ છે કે તે અમરત્વ પ્રાપ્ત કરાવે. ભગવાન **અવિનાશી** છે તો એને પ્રાપ્ત કરાવનારું સુખ પણ અવિનાશી છે. તે માટે શાસ્ત્રોને પણ અમૃત કહ્યા છે.'' (બારમી શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી - સરધાર)

ભારતના વડાપ્રધાન **રાજીવ ગાંધીએ** પોતાના એક પ્રવચનમાં કહ્યું હતું : **''આજે ચારિત્ર્યબળનો દુકાળ છે.''** જેની પાસેથી ચારિત્ર્યશીલ સમાજની આશા રાખી શકાય તે શિક્ષણ-વ્યવસ્થામાં જ **ચારિત્ર્યનું ખાતર** ખૂટે છે એટલે માણસની **ફસલ** બગડી છે.

**'બધાને એક સરખા જીવન નથી મળતાં,**
**કફન મળે છે કોઈને ફકન નથી મળતાં;**
**મળ્યો છે માનવી કિન્તુ ન જોઈ માનવતા,**
**મળે છે પથ્થરો ઝાઝાં રતન નથી મળતાં.'**

માણસને માણસ બનાવી શકે અને માણસાઈનો દુકાળ દૂર કરી શકે તે જ **સાચું શિક્ષણ.** આ શિક્ષણ **શિક્ષાપત્રી** આપે છે. શિક્ષાપત્રીના નિયમો પ્રમાણે વર્તે તો સાત દુકાળમાંય માણસ દુઃખી ન થાય.

ઘણા માનવીના જીવનમાં વ્યસનોના છિદ્રો પડ્યા હોય છે. જે વ્યસનોને છોડાવવા સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ શિક્ષાપત્રીના ૧૮મા શ્લોકમાં લખે છે :

'व्यभिचारो न कर्तव्यः पुंभिः स्त्रीभिश्च मां श्रितैः ।

द्युतादि व्यसनं त्याज्यं नाद्यं भंङ्गादिमादकम् ।।'

''અને અમારા આશ્રિત જે પુરૂષ તથા સ્ત્રીઓ તેમણે વ્યભિચાર ન કરવો અને જુગટું આદિક જે વ્યસન તેનો ત્યાગ કરવો અને ભાંગ્ય, મફર, માજમ, ગાંજો એ આદિક જે કેફ કરનારાં વસ્તુ તે ખાવાં નહી અને પીવાં પણ નહી.''

આ એક સામાન્ય નિયમ પણ માનવના જીવનમાં કેટલા છિદ્રોને - કાણાને ઢાંકી સુરક્ષણ આપે છે !!!

સ્વેચ્છાચારમાં દુનિયા એકદમ ખલાસ થઈ જવા આવી છે, કુનીતિથી ને ચારિત્ર્યના ભ્રષ્ટાચારથી પ્રત્યેક પરિવારનું - સમગ્ર સમાજનું અધઃપતન થઈ રહ્યું છે, આજે સમાજનું માનસ વિકૃત બનતું જાય છે, એઈડ્સ રોગ વ્યાપક પ્રમાણમાં વકર્યો છે એનો આજે કોઈ ઈલાજ જ નથી. તેનું મુખ્યત્વે કારણ **વ્યભિચાર** છે. આ અને આવા બીજા અનેક જાતના ગુપ્ત રોગો, મનની વિકૃતિઓ પણ વ્યભિચારને લઈને થતી હોય છે. જેથી તો ભગવાન શ્રી સ્વામિનારાયણ આજથી ૧૮૪ વર્ષ પહેલા સ્વહસ્તે શિક્ષાપત્રીના ૧૮મા શ્લોકમાં આ વ્યભિચાર સામે **લાલબત્તી** ધરી છે. આજના યુગમાં અનેક રોગોથી ઘેરાયેલી ટ્રેજીક જિંદગી સામે સુંદર રક્ષણ શિક્ષાપત્રી આપી રહી છે.

કદાચ, માણસને ગમે તેટલી મદદ કરવામાં આવે તો પણ જ્યાં સુધી એ વ્યસનનો ગુલામછે ત્યાં સુધી એનું જીવન સુખી થવાનું નથી. આજે વિશ્વમાં માણસમાંથી માણસાઈનું ઝરણું સૂકાતું જાય છે ત્યારે તેને સજીવન રાખવા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા સ્વહસ્તે લિખિત શિક્ષાપત્રીને જો અનુસરવામાં આવે તો શેતાન લાગતો માનવ **'મહામાનવ'** બની શકે છે.



સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા સ્વહસ્તે લેખીત શિક્ષાપત્રીની ૧૮૪મી જન્મજયંતિ પ્રસંગે...

# વિશ્વાસઘાતો નો કાર્યઃ : શિક્ષાપત્રી

- સાધુ યોગેશ્વરદાસ, ગુરુ :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

"...શ્વાસનો સરવાળો એટલે જીવન; અને વિશ્વાસનો સરવાળો એટલે જિંદગી. જ્યારે શ્વાસનો તાર તૂટે ત્યારે જીવન અટકે છે. વિશ્વાસનો તાર તૂટે ત્યારે જિંદગી ખટકે છે. અટકે એ પોસાય પણ ખટકે એ તો કેમ પોસાય ?..."



એક કામ કરશો ?

બોલોને...

થશે ખરું ?

કામનું નામ પાડો પછી કહેવાય.

સો ટચના સોના જેવો શુદ્ધ **વિશ્વાસુ માણસ** શોધી લાવો.

આ તો ભારે કામ કહેવાય. ભારે જ નહિ, અશક્ય પણ છે.

વાત સાચી છે. આખી દુનિયામાં દીવો લઈને ઘૂમો ને ઠેર-ઠેર ઢૂંઢો તોય સો ટચના સોના જેવો શુદ્ધ વિશ્વાસુ માણસ મળવો મુશ્કેલ છે.

આજે ફ્લેટો સારા જોવા મળે છે, રસ્તાઓ અદ્યતન બની રહ્યા છે, લાઈટ અને ફ્લાઈટ પૂર્વના કાળમાં નહોતા તેવા ગતિશીલ જણાય રહ્યા છે. અરે ! આજના માનવનું બધું જ **ભૌતિક રીતે** સારું જણાય છે. ઈસ્ત્રી વિનાનાં કપડા આજના સુખીઓના શરીર ઉપર જોવા મળતા નથી, થીંગડા વિનાના કપડા પહેરવાના આગ્રહી માણસોના મનને ચારે બાજુથી થીંગડા. **બધુજ સારું (?) થવા લાગ્યું છે,** પરંતુ... માણસ જ **વિશ્વાસઘાતી** બની રહ્યો છે. આજના શ્રીમંત માનવના ઘરની ગાદીઓની ચાદર ઉપર એક કરચલી કદાચ જોવા નહિ મળે, પણ એના મનમાં હજાર હજાર કરચલીઓ હોય છે. ઘરના વાસણો ઉપર ચળકાટ જોવા મળે છે પણ દિલની ઉપર ચળકાટ જોવા મળતો નથી. દિવાળીમાં દિવાલો ઉપર ઉજળામણ જોવા મળે છે પણ માણસોના અંતરમાં ઉજળામણ જોવા મળતું નથી. આજના ફ્લેટો સારા છે પણ તેમાં રહેનારો માણસ સારો કેટલી હદ સુધી છે તે મોટો સવાલ છે. આજના માનવનું મન ગંદકીથી ઊભરાય ગયું છે ત્યારે એક સવાલ દાતરડા જેવો ઊભો થાય છે કે 'આ યુગમાં **વિશ્વાસ** કરવો કોનો ?'

એક વસ્તુ બરાબર સમજવા જેવી છે કે ભોજન સારા હશે, કે કપડા સારા હશે, કે ઘરના વાસણો ઉજળા હશે એની કોઈ જ કિંમત નથી. પરંતુ... તમે કેવા છો ? તમે કેવું જીવન જીવો છો ? તમે તમારી ઉપર બીજાએ મૂકેલો વિશ્વાસ કેટલી હદે નિભાવો છો ? એની ઉપર તમારી કિંમત છે.

અરે ! ભાઈ, કપડા ગંદા હોય, નાક ખરાબ હોય કે ભોજન ઓછું સારું હોય, તેની આટલી ફિકર શા માટે ? તમારું **જીવન જો વિશ્વાસુ** અને **સુંદર** હશે તો ભૌતિક જગતની ગમે તેવી ખરાબ ચીજ પણ તમારા માટે નુકસાનકારક નહિ બની શકે.

**શ્વાસનો સરવાળો** એટલે **જીવન;** અને **વિશ્વાસનો સરવાળો** એટલે **જિંદગી.** જ્યારે શ્વાસનો તાર તૂટે ત્યારે જીવન અટકે છે. વિશ્વાસનો તાર તૂટે ત્યારે જિંદગી ખટકે છે. અટકે એ પોસાય પણ ખટકે એ તો કેમ પોસાય ?

જિંદગી કોઈને પણ ન ખટકે એટલા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે

શિક્ષાપત્રીના ૩૭મા શ્લોકમાં આજ્ઞા કરી છે : 'विश्वासघातो नो कार्यः ।' - 'કોઈનો વિશ્વાસઘાત ન કરવો.' કારણ કે જે વિશ્વાસ આપીને બીજાને દુઃખી કરે તે **મહાપાપી** છે. આ રહ્યા સ્મૃતિના વચનો : 'स महापातकी भूमौ यो विश्वास्यान्यमर्दयेत् ।' વિશ્વાસઘાતનાં આ વિકરાળ જમાનામાં જેમને અપૂર્વ અને અદ્વિતીય **શિક્ષાપત્રી શાસન** મળી ગયું છે એ તેમનો **મોટો પુણ્યોદય** છે. અને એના જ કારણે થોડા ઘણાય બચી શક્યા છે.

હિન્દુ સંસ્કૃતિના **દરેક શાસ્ત્રોમાં આ વિશ્વાસઘાતને ઘણું મોટું પાપ** ગણાવવામાં આવ્યું છે. ખરેખર આ શ્લોક આજના ઝડપી જમાના માટે ખૂબ મહત્ત્વનો છે. કારણ કે આજના માનવીને સગાભાઈ ઉપર વિશ્વાસ રહ્યો નથી, સગા બાપ ઉપર વિશ્વાસ રહ્યો નથી. સર્વત્ર સામસામા વિશ્વાસઘાત થતા હોય ત્યારે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના **દરેક સત્સંગીની ફરજ** બને કે શ્રીજીમહારાજની આ આજ્ઞા શિરોધાર્ય કરી ક્યારેય કોઈનો વિશ્વાસઘાત ન જ કરવો.

આજે પચાસ રૂપિયાના તાળા ઉપર વિશ્વાસ છે પચાસ કરોડ રૂપિયાના માણસ ઉપર વિશ્વાસ નથી. આ પરિસ્થિતિ છે ત્યારે ૧૮૩ વર્ષ પહેલા ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે શિક્ષાપત્રીમાં ઉપરોક્ત શ્લોક લખી આજના યુગને એક **અનુપમ ઉપદેશ** આપી રહ્યા છે.

દુનિયામાં બધા જ માણસો વિશ્વાસઘાતી હોય છે એવું નથી, વિશ્વાસ આપ્યા પછી જાનની પણ પરવા કર્યા વિના એ **વિશ્વાસને જીવંત રાખનારા** અનેક મનુષ્યો પણ આ ધરતી ઉપર થયા છે. જો આમન હોય તો આ ભૂમિ ક્યારની કંપી ઊઠી હોત અને સમગ્ર વિશ્વને પોતાના પેટમાં પધરાવી દીધું હોત!

જ્યારે અરવલ્લીના પહાડોમાં **મહારાણા પ્રતાપ** ભટકતા હતા ત્યારે એમની સાથે **રઘુપતિસિંહ** નામનો **વફાદાર સૈનિક** હતો. તેને એકાએક તેનો પુત્ર ઘેરે ખૂબ બિમાર હોવાના સમાચાર મળતા મહારાણા પ્રતાપની રજા લઈને છેલ્લી ઘડીએ ઘરે જવા નીકળ્યો. રસ્તામાં ચિત્તોડના કિલ્લા પાસે જ તેને મુસ્લિમ સૈનિકોએ પકડ્યો. તેણે સૈનિકોને કહ્યું : **"હું તમારી સમક્ષ જાતે જાતે હાજર થઈ જઈશ."** સૈનિકોએ તેને જવા દીધો.

પછી ખરેખર રઘુપતિસિંહે આપેલા વચનનો અમલ કર્યો. સૈનિકોએ તેને પૂછ્યું : "તને તારા **મોતનો ડર** નથી લાગતો ?"

રઘુપતિસિંહે જવાબ આપ્યો : **"મને મોતથી વધારે ડર વિશ્વાસઘાતનો લાગે છે."**

આજે આવા વિશ્વાસુ માણસો કેટલા મળે ?

હિદુસ્તાનને જ્યારે સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયું ત્યારે સરદાર શ્રી **વલ્લભભાઈ પટેલે** આઝાદી પછીના સૌથી **પ્રથમ પ્રવચન**માં કહ્યું હતું કે, "ભારત ઉપર અંગ્રેજોએ આટલા વર્ષ માત્ર **અગિયારસો માણસો દ્વારા જ** રાજ્ય કર્યું હતું. પરદેશ પ્રત્યેની - એમના રાષ્ટ્ર પ્રત્યેની એમની વફાદારી ને વિશ્વાસને કારણે એ અગિયારસો માણસો પોતાના દેશને અત્યંત પ્રામાણિક રહ્યા હતા. હવે દેશનું સુકાન આપણા હાથમાં આવ્યું છે. એ માટે અગિયારસો માણસો ભારતમાં રાષ્ટ્રને વફાદાર, વિશ્વાસુ, થોડીઘણીય પણ લાંચ-રિશ્વત નહિ લેનારા, એવા શું મળશે ખરા ?"

સરદારશ્રીએ પોતાના પ્રવચનમાં આ રીતે **પ્રશ્ન** કર્યો, પછી પોતે જ તેનો **ઉત્તર** આપતા કહ્યું : "મને શંકા છે કે દેશને અર્થે આવા વફાદાર, વિશ્વાસુ અગિયારસો માણસો મળી શકે કે કેમ...!!!"

જો આજથી વર્ષો પૂર્વે સરદારશ્રીને આટલા મોટા વિરાટ હિદુસ્તાનમાંથી **અગિયારસો માણસો** મળવા અંગે **શંકા** હોય તો પછી આજના વર્તમાનકાળમાં અગિયારસો નહિ પણ **એકસો એક માણસો** ખૂબ સારા **વિશ્વાસુ** કહિ શકાય એવા મળે એમ છે ખરા ? એ મારો પ્રશ્ન છે.

આજના માનવીની પરિસ્થિતિ સમજાવતું એક સુંદર **દૃષ્ટાંત** છે.

એક વખત એક માણસ જંગલમાં ભૂલો પડ્યો. સાંજનો સમય થઈ ગયો. તેની પાછળ એક **સિંહ** મારવા માટે પડ્યો. તેના ભયથી **માણસ**



**"...જો આજથી વર્ષો પૂર્વે સરદારશ્રીને આટલા મોટા વિરાટ હિદુસ્તાનમાંથી અગિયારસો માણસો મળવા અંગે શંકા હોય તો પછી આજના વર્તમાનકાળમાં અગિયારસો નહિ પણ એકસો એક માણસો ખૂબ સારા વિશ્વાસુ કહિ શકાય એવા મળે એમછે ખરા ? એ મારો પ્રશ્ન છે..."**



સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા સ્વહસ્તે લેખીત શિક્ષાપત્રીની ૧૮૪મી જન્મજયંતિ પ્રસંગે...

# આજના વર્તમાન યુગનો એક્સ - રે : શિક્ષાપત્રી



- પાર્ષદ ખુશાલ ભગત, ગુરુ :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

"...સૃષ્ટિ રચાણી ત્યારથી આજ સુધી અનેક ભગવાનનાં અવતારો થયા અને થશે, અનેક શાસ્ત્રો રચાયા અને રચાશે, પરંતુ સ્વયં ભગવાનના સ્વહસ્તે લખાયેલ એક અને માત્ર એકજ અજોડ શાસ્ત્ર છે : શિક્ષાપત્રી..."



રાજદરબારમાં દરવાજા પર ભલે ચોકીદાર બેઠો હોય,
ખુરશી પર ભલે પ્રજાજનો બેઠા હોય,
સુશોભિત ખુરશી પર ભલે મંત્રીશ્વર બેઠા હોય,
શણગારેલ ખુરશી પર ભલે નગરશેઠ બેઠા હોય,
પરંતુ... રાજસિંહાસન પર તો રાજા સિવાય બીજું કોઈ જ બેઠું ન હોય.
બસ,...

એજ રીતે પરમાત્માનાં સાક્ષાત્કારની જેનાં મનમાં ઝંખના પેદા થઈ ગઈ છે એ સાધકની જીભ પર ભલે ભોજનનાં દ્રવ્યો બેઠા હોય,
એનાં પગ ભલે બજારમાં હોય,
એનાં હાથમાં ભલે સંસાર-વ્યવહારનું ગાડું હોય,
એના કાનમાં ભલે વ્યવહારીક જગતનાં શબ્દો હોય,
એની આંખ પર ભલે ચશ્મા હોય,
પણ...,
એના હૃદયમાં તો તરણતારણહાર પરમાત્માની આજ્ઞા જ બિરાજમાન હોય!
શિક્ષાપત્રીની આજ્ઞાઓ પાળવી પડે છે કે પાળવી ગમે છે?
જો પાળવી પડતી હોય તો તેમાં આપણી પ્રીતિ નથી.
જો પ્રીતિ હોય તો સરળતાથી આજ્ઞાપાલન થશે.

જે ભાવે છે તે વારંવાર ખાઈએ છીએ, જે ગમે છે તે વારંવાર કરીએ છીએ, જે રુચે છે તે વારંવાર જોઈએ છીએ.

તેમ...

અત્યાર સુધી માત્ર પૂજા જ કરતા હતા..., તો હવેથી શિક્ષાપત્રીને પ્રેમ પણ કરીએ.

શ્રીજીમહારાજ જે સમયમાં થયા તે સમયમાં ગુજરાત, કચ્છ, કાઠિયાવાડમાં અજ્ઞાની લોકો મદ્ય, માંસ, જુગાર વગેરે વ્યસનોમાં ડૂબેલ હતા. સતીપ્રથા, બાળવિવાહ, બાળકીને દૂધપીતી કરવી (વર્તમાન સંદર્ભમાં ભ્રૂણહત્યા કે ગર્ભપાત), નારીને હડધૂત કરવામાં અતિરેક વગેરે બીજા અનેક દૂષણોથી સમાજ ગ્રસ્ત હતો ત્યારે આવા કપરા કાળમાં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે પધારી તે બધાને સન્માર્ગે વાળવા સતત પરિભ્રમણ કર્યું પોતાના જીવન દ્વારા લોકોને જીવન કેમ જીવવું તેનું શિક્ષણ આપ્યું. મંદિરોનું સ્થાપન કર્યું, વૈદિક ગુરુપરંપરા અપનાવી, સંતો બનાવ્યા તથા શાસ્ત્રો બનાવ્યા.

જેમાં, સૃષ્ટિ રચાણી ત્યારથી આજ સુધી અનેક ભગવાનનાં અવતારો થયા અને થશે, અનેક શાસ્ત્રો રચાયા અને રચાશે, પરંતુ સ્વયં ભગવાનના સ્વહસ્તે લખાયેલ એક અને માત્ર એકજ અજોડ શાસ્ત્ર છે : **શિક્ષાપત્રી.**



આ પત્રીમાં સામાન્ય ધર્મોના કુલ ૩૬૭ વાક્યો છે, ૨૨૦ વિધિવાક્યો છે અને ૧૪૭ નિષેધ વાક્યો છે. વળી, વિશેષ ધર્મોમાં ૨૭૫ વાક્યો છે, તેમાં પણ ૧૩૩ વિધિવાક્યો છે. જે વાક્યો જીવને પોતા સુધી પહોંચાડવા માટે ખુદ જગદીશે લખેલા છે.

એક વખત કોઈ સંત ખેતર પાસેથી પસાર થતા હતા ત્યારે ખેતરમાં ખેડૂત મોલાતને પાણી પાવા માટે કોસ હાંકતો હતો. ખૂબ મહેનત કરે પરંતુ કોસ ઉપર આવે ને ઠાલવે તોપણ નીકમાં પાણી આવતું જ નહિ. સવારથી સાંજ સુધી મહેનત કરી પણ પાણી નીકળ્યું નહિ. તે કંટાળ્યો ને બરાબર એજ સમયે પેલા સંત ત્યાં પહોંચ્યા ને ખેડૂતને કહ્યું : "તું પ્રયત્ન કરે છે પણ જો તો ખરો તારા કોસમાં કેટલાં કાણા છે !" જ્યાં ખેડૂત કોશ પાસે આવે છે ત્યાં તો પાણી બધું નીકળી જાય છે, આમાં કશું બચવા પામતું નથી.



આમ, ઘણા માણસો પુરુષાર્થ ખૂબ કરે છે પણ એને કાંઈ જ પ્રાપ્ત થતું નથી. કારણ કે જીવનમાં દૂષણોના ઘણા કાણા પડી ગયા છે, જેથી કરી સુખ બધું જ સ્રવી જાય છે કશું જ રહેતું નથી.

શ્રીજીમહારાજે આ છિદ્ર પૂર્યાં, શિક્ષાપત્રી દ્વારા... અહિંસાધર્મનું પાલન કરતા પોતાના આશ્રિતોને શિક્ષાપત્રીમાં આદેશ આપ્યો છે :

'कस्यापि प्राणिनो हिंसा नैव कार्यात्र मामकैः । सूक्ष्मयूकामत्कुणादेरपि बुध्द्या कदाचन ॥'

(શિક્ષાપત્રી : શ્લોક - ૧૧)



"અમારા જે સત્સંગી તેમણે કોઈ જીવ-પ્રાણી-માત્રની પણ હિંસા ન કરવી અને જાણીને તો ઝીણા એવા જુ, માંકડ, ચાંચડ આદિક જીવ તેમની પણ હિંસા ક્યારેય ન કરવી."

અણિમાંડવ્ય ઋષિએ જીવનભર તપ કર્યું હતું છતાં તેમને શૂળીની સજા થઈ. તેમને આશ્ચર્ય થયું કે મારો વાંક શો ? તેમનો વાંક એટલો જ હતો કે બાળપણમાં બાળસહજ રમતમાં તેમણે એક પતંગિયાને કાંટાની સૂળ ભોંકી હતી ! જો અજ્ઞાન અવસ્થામાં કરેલા આવા કર્મનું ફળ શૂળી હોય તો પછી જાણી જોઈને હિંસા કરતા કે માંસ ખાતા લોકોની શી ગતિ થશે ?

ધન, જમીન, સ્ત્રી, સામ્રાજ્ય, રસાસ્વાદ અને મોજશોખ માટે હિંસા કરાય છે. આ કળિનું ચતુર્થ સ્થાન છે.



ધરતી મબલખ પ્રમાણમાં પૌષ્ટિક ધાન્યો આપે છે. છતાં માણસ આજે નિર્દોષ પશુઓની હિંસા કરીને તેનું માંસ ખાય છે. આ જંગલી સંસ્કૃતિનો આજે આધુનિક યુગમાં ઘણો વિસ્તાર છે. આખી દુનિયામાં એક મિનિટમાં ત્રણ હજાર ટન માંસનુ ઉત્પાદન થાય છે. આશ્ચર્ય તો એ છે કે ઘણા ધર્મો પણ માંસાહાર અને દારુની છૂટ મૂકે છે !

શાકાહાર એ સંપૂર્ણ ખોરાક છે છતાં માણસ આજે નવાં નવાં કતલખાનાં બનાવતો જાય છે.

**વિવેકાનંદ સ્વામી**ને અમેરિકામાં **અમેરિકનો** પોતાની **વૈજ્ઞાનિક પ્રગતિ** બતાવવા એક આધુનિક કતલખાનામાં લઈ ગયા અને કહ્યું : "અહીં એક બાજુ ગાયો ઊભી હોય ને ચાંપ દાબીએ એટલે ઑટોમૅટીક સામી બાજુએ હાડકાં, માંસ અને લોહી જુદા પડી જાય." **વિવેકાનંદ સ્વામી**એ તેમને પૂછ્યું : **"તમે આ પ્રક્રિયા ઊલટાવી શકો ખરા ?** જ્યાં માંસ, હાડકાં ને લોહી તેમાંથી સ્વીચ દાબી ઑટોમૅટીક આ બાજુ જીવતી ગાય ઊભી કરી શકો ?" આ સાંભળીને અમેરિકનો છોભીલા પડી ગયા. સ્વામીજીએ કહ્યું : **"જેને તમે જીવન આપી શકતા નથી, તેને મારવાનો તમને કોઈ અધિકાર નથી."**



માંસાહારનો નિષેધ કરતાં **બર્નાર્ડ શો** કહેતા, "મારું પેટ એ કબ્રસ્તાન નથી કે મડદાં સંઘરે." આપણી હિંદુ પરંપરામાં મડદાંને બાળીને આવીએ અને સ્નાન કરવું પડે, મડદાંને અડ્યા હોઈએ તોય **સ્નાન** કરવું પડે તો પછી માંસાહાર કરીને મડદું **પેટમાં નાંખવાનું** કેવી રીતે શક્ય બને ?

બર્નાર્ડ શૉ તો એમ પણ કહેતા હતા કે "ઘાસ કાપવા જેટલી હિંસામાં પણ મને વિશ્વયુદ્ધનાં બીજ દેખાય



સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા સ્વહસ્તે લેખીત શિક્ષાપત્રીની ૧૮૪મી જન્મજયંતિ પ્રસંગે...

# આજના વર્તમાન યુગનો એક્સ - રે : શિક્ષાપત્રી

- પાર્ષદ ખુશાલ ભગત, ગુરુ :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

> "...સૃષ્ટિ રચાણી ત્યારથી આજ સુધી અનેક ભગવાનનાં અવતારો થયા અને થશે, અનેક શાસ્ત્રો રચાયા અને રચાશે, પરંતુ સ્વયં ભગવાનના સ્વહસ્તે લખાયેલ એક અને માત્ર એકજ અજોડ શાસ્ત્ર છે : શિક્ષાપત્રી..."



રાજદરબારમાં દરવાજા પર ભલે ચોકીદાર બેઠો હોય,
ખુરશી પર ભલે પ્રજાજનો બેઠા હોય,
સુશોભિત ખુરશી પર ભલે મંત્રીશ્વર બેઠા હોય,
શણગારેલ ખુરશી પર ભલે નગરશેઠ બેઠા હોય,
પરંતુ... રાજસિંહાસન પર તો રાજા સિવાય બીજું કોઈ જ બેઠું ન હોય.
બસ,...

એજ રીતે પરમાત્માનાં સાક્ષાત્કારની જેનાં મનમાં ઝંખના પેદા થઈ ગઈ છે એ સાધકની જીભ પર ભલે ભોજનનાં દ્રવ્યો બેઠા હોય,
એનાં પગ ભલે બજારમાં હોય,
એનાં હાથમાં ભલે સંસાર-વ્યવહારનું ગાડું હોય,
એના કાનમાં ભલે વ્યવહારીક જગતનાં શબ્દો હોય,
એની આંખ પર ભલે ચશ્મા હોય,
પણ...,
એના હૃદયમાં તો તરણતારણહાર પરમાત્માની આજ્ઞા જ બિરાજમાન હોય!
શિક્ષાપત્રીની આજ્ઞાઓ પાળવી પડે છે કે પાળવી ગમે છે?
જો પાળવી પડતી હોય તો તેમાં આપણી પ્રીતિ નથી.
જો પ્રીતિ હોય તો સરળતાથી આજ્ઞાપાલન થશે.

જે ભાવે છે તે વારંવાર ખાઈએ છીએ, જે ગમે છે તે વારંવાર કરીએ છીએ, જે રુચે છે તે વારંવાર જોઈએ છીએ.

તેમ...

અત્યાર સુધી માત્ર પૂજા જ કરતા હતા..., તો હવેથી શિક્ષાપત્રીને પ્રેમ પણ કરીએ.

શ્રીજીમહારાજ જે સમયમાં થયા તે સમયમાં ગુજરાત, કચ્છ, કાઠિયાવાડમાં અજ્ઞાની લોકો મદ્ય, માંસ, જુગાર વગેરે વ્યસનોમાં ડૂબેલ હતા. સતીપ્રથા, બાળવિવાહ, બાળકીને દૂધપીતી કરવી (વર્તમાન સંદર્ભમાં ભ્રૂણહત્યા કે ગર્ભપાત), નારીને હડધૂત કરવામાં અતિરેક વગેરે બીજા અનેક દૂષણોથી સમાજ ગ્રસ્ત હતો ત્યારે આવા કપરા કાળમાં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે પધારી તે બધાને સન્માર્ગે વાળવા સતત પરિભ્રમણ કર્યું પોતાના જીવન દ્વારા લોકોને જીવન કેમ જીવવું તેનું શિક્ષણ આપ્યું. મંદિરોનું સ્થાપન કર્યું, વૈદિક ગુરુપરંપરા અપનાવી, સંતો બનાવ્યા તથા શાસ્ત્રો બનાવ્યા.

જેમાં, સૃષ્ટિ રચાણી ત્યારથી આજ સુધી અનેક ભગવાનનાં

અવતારો થયા અને થશે, અનેક શાસ્ત્રો રચાયા અને રચાશે, પરંતુ સ્વયં ભગવાનના સ્વહસ્તે લખાયેલ એક અને માત્ર એકજ અજોડ શાસ્ત્ર છે : **શિક્ષાપત્રી.**



આ પત્રીમાં સામાન્ય ધર્મોના કુલ ૩૬૭ વાક્યો છે, ૨૨૦ વિધિવાક્યો છે અને ૧૪૭ નિષેધ વાક્યો છે. વળી, વિશેષ ધર્મોમાં ૨૭૫ વાક્યો છે, તેમાં પણ ૧૩૩ વિધિવાક્યો છે. જે વાક્યો જીવને પોતા સુધી પહોંચાડવા માટે ખુદ જગદીશે લખેલા છે.

એક વખત કોઈ સંત ખેતર પાસેથી પસાર થતા હતા ત્યારે ખેતરમાં ખેડૂત મોલાતને પાણી પાવા માટે કોસ હાંકતો હતો. ખૂબ મહેનત કરે પરંતુ કોસ ઉપર આવે ને ઠાલવે તોપણ નીકમાં પાણી આવતું જ નહિ. સવારથી સાંજ સુધી મહેનત કરી પણ પાણી નીકળ્યું નહિ. તે કંટાળ્યો ને બરાબર એજ સમયે પેલા સંત ત્યાં પહોંચ્યા ને ખેડૂતને કહ્યું : ''તું પ્રયત્ન કરે છે પણ જો તો ખરો તારા કોસમાં કેટલાં કાણા છે !'' જ્યાં ખેડૂત કોશ પાસે આવે છે ત્યાં તો પાણી બધું નીકળી જાય છે, આમાં કશું બચવા પામતું નથી.



આમ, ઘણા માણસો પુરુષાર્થ ખૂબ કરે છે પણ એને કાંઈ જ પ્રાપ્ત થતું નથી. કારણ કે જીવનમાં દૂષણોના ઘણા કાણા પડી ગયા છે, જેથી કરી સુખ બધું જ સ્રવી જાય છે કશું જ રહેતું નથી.

શ્રીજીમહારાજે આ છિદ્ર પૂર્યા, શિક્ષાપત્રી દ્વારા... અહિંસાધર્મનું પાલન કરતા પોતાના આશ્રિતોને શિક્ષાપત્રીમાં આદેશ આપ્યો છે :

'कस्यापि प्राणिनो हिंसा नैव कार्यात्र मामकैः । सूक्ष्मयूकामत्कुणादेरपि बुध्द्या कदाचन ॥'

(શિક્ષાપત્રી : શ્લોક - ૧૧)



''અમારા જે સત્સંગી તેમણે કોઈ જીવ-પ્રાણી-માત્રની પણ હિંસા ન કરવી અને જાણીને તો ઝીણા એવા જૂ, માંકડ, ચાંચડ આદિક જીવ તેમની પણ હિંસા ક્યારેય ન કરવી.''

અણિમાંડવ્ય ઋષિએ જીવનભર તપ કર્યું હતું છતાં તેમને શૂળીની સજા થઈ. તેમને આશ્ચર્ય થયું કે મારો વાંક શો ? તેમનો વાંક એટલો જ હતો કે બાળપણમાં બાળસહજ રમતમાં તેમણે એક પતંગિયાને કાંટાની સૂળ ભોંકી હતી ! જો અજ્ઞાન અવસ્થામાં કરેલા આવા કર્મનું ફળ શૂળી હોય તો પછી જાણી જોઈને હિંસા કરતા કે માંસ ખાતા લોકોની શી ગતિ થશે ?

ધન, જમીન, સ્ત્રી, સામ્રાજ્ય, રસાસ્વાદ અને મોજશોખ માટે હિંસા કરાય છે. આ કળિનું ચતુર્થ સ્થાન છે.



ધરતી મબલખ પ્રમાણમાં પૌષ્ટિક ધાન્યો આપે છે. છતાં માણસ આજે નિર્દોષ પશુઓની હિંસા કરીને તેનું માંસ ખાય છે. આ જંગલી સંસ્કૃતિનો આજે આધુનિક યુગમાં ઘણો વિસ્તાર છે. આખી દુનિયામાં એક મિનિટમાં ત્રણ હજાર ટન માંસનુ ઉત્પાદન થાય છે. આશ્ચર્ય તો એ છે કે ઘણા ધર્મો પણ માંસાહાર અને દારુની છૂટ મૂકે છે !

શાકાહાર એ સંપૂર્ણ ખોરાક છે છતાં માણસ આજે નવાં નવાં કતલખાનાં બનાવતો જાય છે.

**વિવેકાનંદ સ્વામી**ને અમેરિકામાં **અમેરિકનો** પોતાની **વૈજ્ઞાનિક પ્રગતિ** બતાવવા એક આધુનિક કતલખાનામાં લઈ ગયા અને કહ્યું : ''અહીં એક બાજુ ગાયો ઊભી હોય ને ચાંપ દાબીએ એટલે ઑટોમૅટીક સામી બાજુએ હાડકાં, માંસ અને લોહી જુદા પડી જાય.'' **વિવેકાનંદ સ્વામી**એ તેમને પૂછ્યું : **''તમે આ પ્રક્રિયા ઊલટાવી શકો ખરા ?** જ્યાં માંસ, હાડકાં ને લોહી તેમાંથી સ્વીચ દાબી ઑટોમૅટીક આ બાજુ જીવતી ગાય ઊભી કરી શકો ?'' આ સાંભળીને અમેરિકનો છોભીલા પડી ગયા. સ્વામીજીએ કહ્યું : **''જેને તમે જીવન આપી શકતા નથી, તેને મારવાનો તમને કોઈ અધિકાર નથી.''**



માંસાહારનો નિષેધ કરતાં **બર્નાર્ડ શો** કહેતા, ''મારું પેટ એ કબ્રસ્તાન નથી કે મડદાં સંઘરે.'' આપણી હિંદુ પરંપરામાં મડદાંને બાળીને આવીએ અને સ્નાન કરવું પડે, મડદાંને અડ્યા હોઈએ તોય **સ્નાન** કરવું પડે તો પછી માંસાહાર કરીને મડદું **પેટમાં નાંખવાનું** કેવી રીતે શક્ય બને ?

બર્નાર્ડ શૉ તો એમ પણ કહેતા હતા કે ''ઘાસ કાપવા જેટલી હિંસામાં પણ મને વિશ્વયુદ્ધનાં બીજ દેખાય છે !''

જેવું ખાઈએ તેવા થઈએ. એટલે ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ **રાજેન્દ્રબાબુ**એ સત્ય જ કહ્યું છે કે ''જ્યાં સુધી **કતલખાનાં** રહેશે ત્યાં સુધી **યુદ્ધનાં મેદાનો** રહેશે.''

કોઈપણ પ્રાણીના સંસ્કારની ઓળખ તેના આહાર ઉપરથી થાય છે. ગાય ઘાસ ખાય છે તે ભયાનક નથી. પણ **સિંહ માંસ ખાય છે** તો તે **ભયંકર** છે અને બીજાને દુઃખ પમાડે છે. માણસ જો માંસ ખાય તો તે પણ ભયંકર જ બને, માટે શિક્ષાપત્રીમાં માંસાહારનો નિષેધ છે. એટલે જ એમકહી શકાય છે - **માંસાહારી હોય તે માણસ કહેવાય જ નહીં,** પછી ભલે ને તે માણસની આકૃતિ ધરાવતો હોય!

**આર્કીમીડીઝ** નામનાં એક **વૈજ્ઞાનિકે** વાત કરી છે : 'Give me a Standing place and I will Change the world' - 'મને માત્ર એક ઊભા રહેવાની જગ્યા આપો કે જ્યાં ઊભો રહીને હું આખી દુનિયાને બદલી નાંખુ.' ત્યારે ચિંતક **ગોથે**એ કહ્યું : ''તું બીજા પાસે ઊભા રહેવાની જગ્યા ક્યાં માગે છે ? તું તારા જીવનનો પાયો એવો મજબૂત કર તો દુનિયા આપોઆપ પરિવર્તન પામી જશે.''

શ્રીજીમહારાજે સદાચારમય જીવનમાં **પ્રથમ સોપાન** રૂપ આ શ્લોક આપીને **માનવજીવન**નો **પાયો મજબૂત** બનાવવાનો માર્ગ ખુલ્લો કર્યો છે.

માણસની વૃત્તિની હીનતા, કાર્યોની નફટતા કેટલે અંશે વધી ગઈ છે ! આ બધાં **અનિષ્ટોનું મૂળ** માણસનું **મન** છે. આ મનનું **નિયમન** કરવા ભગવાન શ્રી સ્વામિનારાયણે આ શ્લોક લખ્યો છે.

ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ **હિંસકવૃત્તિ સામે લાલબતી** ધરી છે. તે વખતનાં જમાનામાં યજ્ઞો ઘણાં ઓછા થઈ ગયા હતા. પરંતુ જે થોડા ઘણાં યજ્ઞો થતાં તેમાં પણ નરબલિ, પશુબલિ જેવી વિધિઓ થતી. આ શ્લોક આપીને શ્રીજીમહારાજે એ હિંસા થતી અટકાવી અને હિંસકવૃત્તિથી નાના-નાના જૂ, ચાંચડ, માંકડ જેવા સામાન્ય જંતુઓની હિંસા કરવાની પણ ના પાડી છે.

વળી, સૂક્ષ્મહિંસા પણ ન કરવા સુધીની આજ્ઞા આપી.

'स्वपरद्रोहजननं सत्यं भाष्यं न कर्हिचित ।'

(શિક્ષાપત્રી : શ્લોક - ૨૬)

''અને જે સત્ય વચન બોલવે કરીને પોતાનો દ્રોહ થાય તથા પારકો દ્રોહ થાય એવું જે સત્ય વચન તે ક્યારેય ન બોલવું.''

એક વાંદરાએ શહેરના નામાંકિત માણસોનો એકવાર ખાસ ઈન્ટર-વ્યુ લીધો. ''ગર્ભપાત કરતી વખતે તમારા હાથ ક્યારેય કંપે ખરા ?'' ડૉક્ટર તરફથી જવાબ મળ્યો : ''ના'' ''કતલખાને સંમતિ આપતા કાગળ પર સહી કરતી વખતે તમારા હાથ ક્યારેય ધ્રૂજે ખરા ?'' ''ના'' હસતા હસતા રાજનેતાએ જવાબ આપ્યો.

''આવું પ્રતિપાદન કરતી વખતે તમને તમારી બુદ્ધિ વિકૃત બની ગઈ છે એવું લાગે ખરું ?''

''જરાય નહીં'' ખ્યાતનામલેખકે જવાબ આપ્યો.

આ જવાબ સાંભળીને વાંદરાને '**હું માનવ નથી થયો એ પ્રભુનો પરમ ઉપકાર**' એવી અનુભૂતિ થઈ.

કતલખાનાની મુલાકાતે જઈને આવ્યા બાદ સિંહે પ્રભુને વિનંતી કરી : ''પ્રભુ ! મને માનવ જેવો ક્રૂર ક્યારેય બનાવીશ નહિ.''

હોસ્પિટલમાં ગર્ભપાત સેન્ટરની મુલાકાતે જઈને આવ્યા બાદ વાઘે ભગવાનને પ્રાર્થના કરી : ''હે પરમાત્મા ! મને માનવ જેવો ઘાતકી ક્યારેય બનાવીશ નહીં.''

''પ્રભુ, મને માનવ જેવો કૃતઘ્ની ક્યારેય બનાવીશ નહીં.'' વૃદ્ધાશ્રમમાં જતી વખતે રડી રહેલા મા-બાપને હસતા ચહેરે ગાડીમાં બેસાડી રહેલ સુપુત્ર (?)ને જોઈને સર્પે પ્રભુને પ્રાર્થના કરી.

''પ્રભુ, માનવ જેવો બુદ્ધિમાન મને ક્યારેય બનાવીશ નહિ.'' **એટમબોમ્બ બનાવી રહેલા માનવ**ને જોયા બાદ શિયાળે પ્રભુને પ્રાર્થના કરી.

તમે કાંડે બાંધેલી ઘડિયાળ ખોટો સમય બતાવે છે તો એમાં નુકસાન તમને એકલાને જ થાય છે, તમારા ઘરમાં રહેલ ઘડિયાળ ખોટો સમય બતાવે છે તો એમાં નુકસાન કુટુંબ-પરિવારને થાય છે, તમારી ફેકટરીમાં રહેલ ઘડિયાળ ખોટો સમય બતાવે છે તો આ ફેકટરીના સ્ટાફને જ નુકસાન થાય છે... પરંતુ જો ટાવરની ઘડિયાળ ખોટો સમય બતાવે છે તો આખા શહેરને નુકસાન થાય છે.

મનુષ્યજીવન એ તો **ટાવરની ઘડિયાળ**નું જીવન છે. એ જો બગડ્યું તો એમાં નુકસાન માત્ર એકને જ નહિ, અનેકને અને એ જો જામી ગયું તો એમાં લાભ એકને જ નહિ - અનેકને થાય છે.

હિટલરે પોતાનું જીવન બગાડી નાંખ્યું તો લાખોને મોતને ઘાટ ઉતારી દીધાં. વાલીયાએ, જોબને, મુંજાસૂરાએ, પોતાનું જીવન સુધારી દીધું તો આપણાં જેવા લાખો કરોડોનું હિત અકબંધ કરી દીધું.

**પ્રશ્ન** એ છે કે આપણે અત્યારે કોનું પ્રતિનિધિત્વ ધરાવી રહ્યા છીએ ? ગધેડાનું, કૂતરાનું, બળદનું કે માણસનું ? હિટલરનું કે વાલ્મિકી, કે મુક્તરાજ જોબનપગીનું ? જાતે મરીને બીજાને મારી રહ્યા છીએ કે જાતે જીવીને બીજાને જીવાડી રહ્યા છીએ ? જાતે ડૂબીને ડૂબાડી રહ્યા છીએ કે જાતે તરીને બીજાને તારી રહ્યા છીએ ?

શિક્ષાપત્રીના ૨૧૨ શ્લોકો જો કે અલગ અલગ વિષયથી દર્શાવવામાં આવ્યા છે. પરંતુ સૂક્ષ્મ દષ્ટિથી વિચાર કરતા જણાઈ આવશે કે મોટા ભાગના શ્લોકોની માળામાં 'अहिंसा परमो धर्मः।' નો દોરો એકધારો ચાલ્યો જાય છે.

દુર્લભ અને ઉત્તમએવા આ માનવજન્મને સાર્થક કરવાની દિશામાં શું સાચે જ આપણાં કદમમંડાઈ ચૂક્યા છે ? કોઈ કવિએ લખ્યું છે કે,

**'ભલે મંઝિલે નથી પહોંચાયું, સાચી દિશામાં પગ ઊપડી ગયા છે.'**

'સારુંય વિશ્વ મારું છે, સારાયે વિશ્વનો હું છું.' આવી ભાવનાને હૃદયમાં રાખી જો શ્રીજીમહારાજનાં 'अहिंसा परमो धर्म ।'નાં સિદ્ધાંતને જીવનમાં અપનાવવામાં આવે તો માણસને ચરાચર જગતમાં અંતર્યામી સ્વરૂપે રહેલ પરમાત્માની નજીક પહોંચવામાં અટકાયત કરી રહેલા તમામ પરિબળો ચકનાચૂર થઈ જાય.

આ **નિયમ**ને અપનાવવાથી માણસ બીજાના માટે જીવતો થશે. જીવનમાંથી સ્વાર્થવૃત્તિ સદાયને માટે વિદાય લેશે, પરોપકારની ભાવના પેદા થશે.

માણસને દુઃખ કે વિશાદમય જીવનમાં જીવવું પડે છે તેનું એજ કારણ છે કે તે પોતાના જીવનમાંથી સ્વાર્થના વાદળોને વિખેરી શકતો નથી. જ્યારે સ્વાર્થના વાદળો જીવનમાંથી વિખેરી પરમાર્થરૂપ ચોખ્ખુચટ્ટ જીવન જીવતો થશે ત્યારે માણસને સુખ શોધવા જવું નહિ પડે. સામર્થ્ય, શક્તિ, આનંદ કે જગતની પ્રસન્નતા લેવા ક્યાંય માથાકૂટ કરવી નહિ પડે. પરમાર્થ માટે જીવન જીવતા જ આ તમામ પરિબળો સહેજે જ પ્રાપ્ત થશે.

'અરે ઓ કૂત્તે ! દેખ, મેરે સામને દુનિયાકા સબસે બડા પાગલ ખડા હૈ.'

'જરા આઘો ખસ ! મને સૂર્યનો તડકો આવવા દે.'

આવા શબ્દોથી સિકંદર બાદશાહને નમાલો સાબિત કરતા હિંદુસ્તાનનાં એ ઓલિયા પાસે શી સંપત્તિ હતી ? શું લાખોનું બેલેન્સબેંક અથવા બંગલા ગાડી કે મોટા આશ્રમના એ મહંત હતા ? 'ના...' તો પછી આટલી બધી અલમસ્તાઈ ક્યાંથી ? આટલો કેફ ક્યાંથી ? શું ફક્ત ધોળા દિવસનાં ગપગોળા છે આ ? કે શું એ જોગીડાનું ઉપલા માળનું ઠેકાણું ખસી ગયું હતું ? 'ના...'

આ **શબ્દો** નીકળ્યા હતા **પરમાર્થ માટે જીવાતા જીવનના ઊંડાણમાંથી, સ્વાર્થવૃત્તિના ત્યાગના પેટાળમાંથી.**

પથ્થર કીડી પર પડે છે, કીડી મરી જાય છે. કાગડા પર પડે છે, કાગડો ઉડી જાય છે. કૂતરા પર પડે છે, કૂતરો કાં તો ભાગી જાય છે અને કાં તો ઈજાગ્રસ્ત બની જાય છે.

પરંતુ...

પથ્થર, માણસ તરફ ફેંકાય છે. માણસ કાં તો મરી જાય છે અને કાં તો ભાગી જાય છે, કાં તો ઈજાગ્રસ્ત બની જાય છે અને કાં તો એ જ પથ્થર હાથમાં લઈને સામાનું માથું ફોડી નાંખે છે. પણ સબૂર ! કોઈક મર્દનો બચ્ચો એવો પણ નીકળે છે કે જે પોતાના તરફ ફેંકાયેલ પથ્થર પર ટાંકણાઓ લગાવતા રહીને એમાંથી નયનરમ્ય પ્રતિમાનું નિર્માણ કરી લેછે. આવા **'મર્દનાં બચ્ચા'**માં **આપણો નંબર** આજે હોય એવું લાગે છે ખરું ?

ગુજરાતના સાક્ષર અને સત્સંગી શ્રી ત્રિભુવનભાઈ વ્યાસના શબ્દોમાં કહિએ તો 'શિક્ષાપત્રી સર્વ સત્શાસ્ત્રોના દોહનરૂપ કલ્યાણની સીડી છે. તેનો ઉપલો છેડો આધ્યાત્મિક શ્રેયની સર્વોચ્ચ ભૂમિકાને લાગેલો છે. જ્યારે નીચેનો છેડો સામાન્ય લોકજીવનની ભૂમિકા ઉપર ઠેરવેલો છે તે બંને છેડા વચ્ચે ઉચ્ચ આદર્શને લક્ષમાં રાખીને વ્યવહારુ રીતે ચડી શકાય તેવા સરલ પણ દૃઢ પગથિયાં ગોઠવેલા છે.'

વસંતઋતુમાં લખાયેલી **શિક્ષાપત્રી**ના **આવા પગથિયાં** ચડવાથી, તે પ્રમાણે વર્તવાથી જીવનમાં સદૈવ **વસંતકાળ** રહે છે. જીવન પાંગરેલું ને મહેકતું રહે છે. જેની સૌરભ વ્યક્તિગત રીતે તેમજ સમાજમાં પ્રસરે છે !!!

તો આવો આપણે પણ તેની સૌરભ પ્રસરાવીએ...!



**"...'સારુંય વિશ્વ મારું છે, સારાયે વિશ્વનો હું છું.' આવી ભાવનાને હૃદયમાં રાખી જો શ્રીજીમહારાજનાં 'अहिंसा परमो धर्म ।'નાં સિદ્ધાંતને જીવનમાં અપનાવવામાં આવે તો માણસને ચરાચર જગતમાં અંતર્યામી સ્વરૂપે રહેલ પરમાત્માની નજીક પહોંચવામાં અટકાયત કરી રહેલા તમામ પરિબળો ચકનાચૂર થઈ જાય..."**





સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા સ્વહસ્તે લેખીત શિક્ષાપત્રીની ૧૮૪મી જન્મજયંતિ પ્રસંગે...

# દારુ-ડ્રગ્સ જેવા જીવલેણ દુર્વ્યસનોથી દૂર રાખતી, હિતકારી માતા : શિક્ષાપત્રી

- પાર્ષદ કૃણાલ, ગુરુ :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

"'न पेयं च सुरामद्यमपि देवनिवेदितम् ।।'
**"અને ત્રણ પ્રકારની સુરા અને અગિયાર પ્રકારનું મધ તે દેવતાનું નૈવેદ્ય હોય તો પણ ન પીવું."**
(શિક્ષાપત્રી : શ્લોક - ૧૫)"



ભર ઉનાળે આભ ચડેલો સૂરજ, પરંતુ ડોકિયું કરતાં ડરે એવું ઘાટું જંગલ ધરતીને ખોળે બેઠું હતું. વૃક્ષો એકબીજાને બાથ ભરીને ઊભા હતાં. શી ઘાટી ઘટા ! ઝાકળ વરસે તો ધરતી સુધી ન પહોંચે ! અઘોરીન જટાજૂટ જેવી વેલડીઓથી ઢંકાય ગયેલા ઝાડવા એને અધ્ધર જ ઝીલી લે !! જંગલની આ ઘાટાશ, હાથીબૂડ ઊંચા ઘાસથી વધુ **બિહામણી** બનતી. એમાંય ડણકતા સાવજ, ઘૂરકતા વાઘ, તડપતા ચિત્તા, ને લગાફગ ભાગતા હાથીઓના **ભાતીગળ** અવાજોથી આ જંગલ વધુ ભયંકર બની જતું ! વન્ય પશુઓની અણધારી હડીઓથી સૂંકા પાંદડા ખડખડતાં ત્યારે નીડમાં નિંદ લેતા પંખીડા ફફડી ઊઠતાં !!!

કઠણ કાળજાવાળો આદમીય જો નીકળે તો એના હોંશકોશ ઊડી જાય એવા આ ભયંકર જંગલમાં આડા-અવળાં તરતા કેડીઓ કરતા **મા-દિકરો** ચાલ્યા આવે છે. જાણે કે માથે અમરપટ્ટો બાંધીને ન ફરતા હોય !! મા છે આધેડ વયની આહિર નારી, કેડે તલવાર લટકે છે. જાણે રણચંડી જોઈ લ્યો ! અને બીજા હાથે કુમળા છોડમાંથી ઊગી નીકળતું ફૂલ ઝાલ્યું હોય એવો એક નિર્દોષ બાળક.

"મા ! એક વાત પૂછું ?"

"બોલને બેટા !" માએ કહ્યું.

"તું ખરેખર મારી જ **'મા'** છે ?" - કેવો કોમળ બાળક અને એથી કેવો કોમળ એનો સવાલ ! પણ... બાળક બોલવા ગયો.

પણ આ શું ? બાળકે કાળજાળ ચીસ પાડી જાણે કે બાળકનું હૈયું ફાડીને ન નીકળી હોય ! અને એ ચીસે જાણે કે કાળને નોતરું આપ્યું હોય એમએક **ભૂખી સિંહણ** પોતાની તરફ પૂર વેગથી ધસી આવી. આહિરાણી નારીને ખ્યાલ આવી ગયો કે આજે આપણું **મોત** નિશ્ચિત છે. પણ આ તો ભારતીય આહિર નારી એમએ સિંહણને કેમદા દે. ડાબા હાથે બાળકને દૂર ફગાવી અને બીજા હાથે કમર પર રહેલી તલવારને મ્યાનમાંથી બહાર ખેંચી કાઢી.

જાણે કે આકાશમાંથી ફરવા આવેલી વિજળીને ઝાલી રાખી હોય !

એક ઘા... બીજો ઘા... અને

આ દૃશ્ય જોવા માટે **વન્યસંપત્તિ** તત્પર બની છે, વૃક્ષો શ્વાસ લેવાનું ચૂકી ગયા, પવને પોતાની ગતિને અટકાવી નાખી, રવિ પણ આ દૃશ્ય જોવા **તલપાપડ** બન્યો હોય તેમ ડોકીયા કરે છે, વેલીઓ ઝાડવાની સાથે લપાઈને આ દૃશ્ય જોઈ રહી છે, વનદેવતા પણ જાણે આ બે સિંહણને બાજતી જોવાનું નહિ ચૂક્યા હોય...!!!

અને ત્રીજા ઘાએ આ આહિર નારીએ સિંહણને ચીરી નાખી.

તલવાર પણ સિંહણનું લોહી પીને તૃપ્ત બની, લાલ વસ્ત્રો પરિધાન કર્યા છે. થોડી ક્ષણમાં સિંહણનો હંસલો પિંજરું છોડીને ચાલ્યો ગયા. **'નારી તું નારાયણી'** નું વાક્ય સાર્થક બન્યું.



આ દશ્ય જોતો બાળક ચોધાર આંસુએ રડી રહ્યો છે. હવે જો વધારે વિલંબ થાય તો આંસુને બદલે લોહી વહે ! નારીએ પોતાના હાથ ફેલાવી બાળકને બોલાવ્યો... બાળક દોટ દઈને માને ગળે વળગી ગયો...

**'મા !' તું ખરેખર મારી જ મા છે...** રડતાં રડતાં બાળક બોલ્યો.

આજનો યુગ એટલે **લેટેસ્ટ યુગ.** ન પૂછો વાત. એમાંય વિજ્ઞાને તો માઝા મૂકી, ખુદાને માપવા આગળ વધ્યું. શું એને કરવું છે કોને ખબર ! અનેક સાધનો શોધ્યા જે તમામ ચિજ-વસ્તુની જાણ કરી આપે, 'A to Z.' પણ એ વિરલાએ એવું સાધન નથી બનાવ્યું અને બનાવી પણ નહિ શકે કે જે આપણને આપણું જીવન બનાવતા શિખવે.



પરંતુ એ સાધન આજથી ૧૮૪ વર્ષ પૂર્વે સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આપણા માટે બનાવી ગયા છે. અને તે છે - **સર્વહિતાવહ** કલ્યાણકારી **'શિક્ષાપત્રી.'**

જે આપણને દેહની દવા આપે, મનની દવા આપે, જીવની દવા આપે અને અંતે અક્ષરધામ જવાની પણ દવા આપે : All in one.

ભગવાન શ્રીહરિએ **'સાગરને ગાગર'** માં સમાવી લીધો છે. સાડા ત્રણસો **સત્શાસ્ત્રોનો સાર** કાઢ્યો. વિચિત્ર વાત લાગશે કારણ કે નહોતું સાંભળ્યું, નહોતું જોયું, નહોતું વિચાર્યું, નહોતું કર્યું અને એવું કર્યું. શ્રીજીમહારાજે કર્યું અને કરી બતાવ્યું એના આશ્રિતજનો પાસે.



**'न पेयं च सुरामद्यमपि देवनिवेदितम् ।।'**

''અને ત્રણ પ્રકારની સુરા અને અગિયાર પ્રકારનું મદ્ય તે દેવતાનું નૈવેદ્ય હોય તો પણ ન પીવું.''

(શિક્ષાપત્રી : શ્લોક - ૧૫)

આ શ્લોકમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની કલમ કઈ રીતે ઉપડી છે એને હજું કોઈ નથી પામી શક્યું ! જે કલમે જાણે ભારતના જ નહિ પણ **સમગ્ર વિશ્વના નકશાને બદલી નાખવા** નિરધાર્યું હોય કે શું ! એમાં પણ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં આ કલમે વધારે જોર પકડ્યું. ન પહોંચી શકે કોઈ આ સંપ્રદાયને, કેમ કે એમણે **સગીમાનું ધાવણ** પીધું છે.



આજે માનવ એ **વિનાશ**ની સાથે હાથ મિલાવવા તૈયાર બન્યો છે ત્યારે નથી ખબર કે 'હું મારો જ નહિ, પણ પુરા વિશ્વનો વિનાશ' કરવા બેઠો છે. જેણે પોતાના દુશ્મનને મિત્ર બનાવ્યો, પોતાના ઘરમાં સ્થાન આપ્યું, એને પવિત્ર ગણ્યો. (?) ધિક્કાર છે એ માનવને જેણે ભારતીયના ગૌરવ પર પગ મૂક્યો... પોતાના હાથે પોતાના પગ પર કુહાડી મારી... જામનગરના કવિ **રસિક માસ્ટર** કહે છે :-

**'દારુ વેચવા ફરતા હોય, હપ્તા એના ભરતા હોય;**
**કાયદાની બંધી હોય, ત્યાં સત્તાવાળા સંબંધી હોય;**
**પકડવામાં શરમાતા હોય, એવા એના નાતા હોય;**
**નક્કી સંસ્કૃતિ ખૂટતી હોય, તો જ દારુની છૂટી હોય.'**

એ મિત્ર (?) કહે છે : ''તમારે વિશ્વનો વિનાશ કરવો છે ને ? તો હું એક તો પૂરતો છું - **શરાબ.''**



ડ્રગ્સ, શરાબ, દારુ શબ્દ કાને પડતાની સાથે રૂવાડાં ઊભા થઈ જતા હોય છે. આપણે વ્યવહારમાં એનો સીમિત અર્થ સ્વીકારી લીધો છે. શબ્દને પણ એનું ભાવિ હોય છે. ડ્રગ્સની કુંડળીમાં અપયશનો યોગ લખાયો હોવો જોઈએ. એટલે જ એ આવા બદનામ અર્થમાં પ્રચલિત થયો.

**'ડ્રગ્સનો ડ્રેગન'** (દારુનું તાંડવ) દુનિયા આખીને દાઢમાં ઘાલી વરવું **અટ્ટહાસ્ય** કરી રહ્યો છે. છેલ્લા ત્રીસેક વરસથી એણે માઝા મૂકી છે. અમેરીકા અને યુરોપના દેશોમાં એનું સામ્રાજ્ય વધારે જોશથી આગળ વધી રહ્યું છે. વિકસતા રાષ્ટ્રોમાં અને કંગાળ રાષ્ટ્રોમાં પણ એણે યુવાપેઢીનો બરાબર **ભરડો** લીધો છે.

ભારત દેશ દુનિયાના ચોકમાં **મહાસત્તા** તરીકે ઉપસી આવવાની તૈયારીઓમાં પડ્યું છે ત્યારે

હિતશત્રુઓ (?) એને કઈ રીતે પાછું પાડવું, એની કુદકે ને ભૂસકે થઈ રહેલી **આગેકૂચ** કઈ રીતે અટકાવવી, એની સોળે કળાએ થઈ રહેલી **પ્રગતિ** શી રીતે થોભાવવી એની ચિંતાના વાવાઝોડામાં ફસાયા છે. પ્રજાને પછાત રાખવાનો યશ એણે એશ-આરામને આપ્યો. રાજા-રજવાડાંને વિલાસના ઘેનમાં નાખી દઈ બહારથી આવેલી પ્રજાએ આ દેશની સત્તાના સૂત્રો પોતાના હસ્તક કરેલા એનો ઈતિહાસ સાક્ષી છે. શું હજી પણ આપણે આપણી બરબાદીને પાછી લેવી છે ? હજી પણ શત્રુને ઘરમાં રાખવાં છે ?

વિચાર કરો ! **હિંદુસ્તાનના જુવાનીયાની હોજરીઓ** કેવી મજબૂત હશે, **કેટલું ઝેર પચાવી જતી હશે !** 'બમ-બમ ભોલે' કહી શિવરાત્રી કે હોળી-ધૂળેટીનાં પવિત્ર તહેવારોમાં ભાંગના પ્યાલા ગટગટાવતા આપણા **'હિરો'** નવી પેઢીને ક્યાં દોરી જઈ રહ્યા છે ?

શું કરશે આ દેશનું ? શું કરશે એની ભાવિનું ? શું કરશે એ સ્વહિતનું ?

હે શરાબી...

- વ્યસનોની **ચુંગાલ**માં ફસાયેલા કરોડો ભારતવાસીઓની દયાજનક દુર્દશામાં તમને કોઈ ખતરનાક રાક્ષસનું અટ્ટહાસ્ય સંભળાય છે ?

- નશામાં ચકચૂર થઈને મરેલાઓની વિધવાઓના ભાંગતા બલૈયા, **ભૂંસાતા સૌભાગ્ય ચિહ્નો** અને કારમો કલ્પાંત હૃદયને અકળાવે છે ?

- રોજ બરોજ વ્યસનોની ભયંકરતા, લાખો ટન વર્તમાનપત્રો ભરી ભરીને કોઈ ખુંખાર આંતકવાદીની પેઠે આપણને ખુલ્લેઆમ ધમકી આપતી રહી છે. અને દિવસે દિવસે હજારોને મોતને ઘાટ ઉતારતી રહે છે. પરંતુ છે આ સમાજને એનો ડર ? છે કોઈને એનો ત્રાસ ? છે એની સંરક્ષણ-વ્યવસ્થા ? જાગૃત થવાનો સમય આવી ચૂક્યો છે.

**'કુરાન'**ની **૯૦મી આયાત**માં લખ્યું છે :- ''હે ઈમામવાલો ! તમે શરાબ ન પીશો, એ **શેતાનનું પીણું છે. રાક્ષસનું પીણું છે,** તમારી અંદર દુશ્મનાવટ કરાવશે. ખુદાની બંદગી થકી દૂર લઈ જશે.''

**'બાઈબલ'**માં **ઈસુ**એ કહ્યું છે :- ''જે લોકો દારુ પીવે છે તે મારું લોહી પીવે છે. જો તમો દારુ નહિ પીવો તો તમારામાં હું ઈશ્વરના ગુણો ઉતારી શકીશ.''

**'ગુરુગ્રંથ સાહેબ'** માં લખ્યું છે :- ''ભાંગ મછલી સુરાપાન જો પ્રાણી ખાહિ । તીરથ વ્રત નેમકીએ સબ રસાતલ જાહિ ॥ જે ભાંગ, માછલી અને દારુ પીએ છે તો તેના કરેલા તમામ તીર્થો, વ્રતો અને નિયમો રસાતળમાં જતા રહે છે. અર્થાત્ તેમના **પુણ્યનો નાશ** થઈ જાય છે.

**'ગુરૂનાનક'** કહે છે : ''મદ્ય તજી દીયે એહિ સદ્‌ગુરુ આન હે.'' ''દારુ પીવાનો છોડી દ્યો,કારણ કે સદ્‌ગુરુએ તે માટેના **સોગંદ** દીધા છે.''

**'ભગવાન બુદ્ધ'** કહેતા : ''તમારી સામે સિંહ આવતો હોય તો બીશો નહિ, કારણ -કે સિંહ તમોને મારી નાંખશે તો તમારી બહાદુરી ગણાશે. અગ્નિમાં કોઈ બળતું હોય તો કુદકો મારી બચાવી લેજો તેમાં તમારી પરમાર્થની ભાવના સાબિત થશે, પરંતુ **એક વસ્તુથી કાયમ ડરતા રહેજો,** તે છે **દારુ.** કારણ કે તમારું મૃત્યુ થશે ત્યારે તમારી ગણના બહાદુરીમાં કે પછી પરમાર્થમાં નહિ થાય પરંતુ **દારુડીયા** તરીકે થશે.'' તથા આયુર્વેદના ગ્રંથમાં **'માધવ નિદાન'** કહે છે કે ''દારુ અને ઝેર બન્ને સમાન છે.''

**મેડીક્લ દૃષ્ટિએ...**

હે ભક્તો ! મેડીકલ દૃષ્ટિએ જોઈએ તો ઓસ્ટ્રેલીયામાં આવેલ **મેલ્બોર્ન યુનિવર્સીટી**એ એક **નિવેદન** બહાર પાડ્યું છે કે -દારુ પીવાથી શરીરના તમામ અવયવોને નુકશાન થાય છે.

**'નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફ્રાન્સે' આંકડા** બહાર પાડ્યા છે કે - ૧૯૫૫ માં દારુ પીને રોગગ્રસ્ત થયેલ **સત્તર હજાર** (૧૭૦૦૦) માણસો મરી ગયા હતા અને ત્યાર પછી સંખ્યામાં સતત વધારો થતો જાય છે.

'ધ પ્રેક્ટિસ ઓફ મેડીસીન' પુસ્તકના છેલ્લા પ્રકરણમાં **ડો.લેવીશ** લખે છે કે - ''**દારુ એ એવું ઝેર છે કે લોકો તેને સરળતાથી સમજી શકતા નથી.** અને જ્યારે સમજે છે, ત્યારે પોતા પાસે બચાવા જેવું કાંઈ હોતું નથી. વૈજ્ઞાનિક **ડો.ઓલ્સરે** પણ કહ્યું છે કે- ''દારુ પીવાથી **નુકશાન** થાય છે તે તમારી નજર સામે જોઈ શકો છો.'' તો આ તમામ વૈજ્ઞાનિકો પણ દારુનો નિષેધ કરે છે.

મહાસાગરે જેટલા મનુષ્યોને ડુબાડ્યા હશે એના કરતાં વધુ મનુષ્યોને **મદિરા**એ ડુબાડ્યા છે.

અમેરિકા દેશના **ન્યુયોર્ક** સીટીમાં એક **સંમેલન** થયું હતું તેમાં બધા ખેરખાઓએ (નિષ્ણાતોએ) તારણ કાઢ્યું છે કે - આટલું નુકશાન થતું જુએ છે છતાં પણ લોકો દારુ શું કામ પીવે છે ? પછી તેઓએ તેનાં આઠ કારણો બતાવ્યા છે.

**આઠ પ્રકારે દારુ પીવાય છે...**

(૧) **દુઃખ ભૂલવા માટે :** ઘણા લોકોના જીવનમાં કોઈ પણ કારણસર દુઃખોના પ્રસંગો આવે ત્યારે દુઃખને કારણે ટેન્સન વધી જાય તેથી રાત્રે નિદ્રાપણ આવે નહિ અને વારંવાર દુઃખો સાંભરી આવે છે. ત્યાર પછી તે વ્યક્તિઓ વિચાર કરે કે - દારુ પીવાથી ઘેન (નશો) ચઢશે એટલે નિદ્રા આવી જશે તેથી દુઃખો ભૂલાઈ

જશે, એમ વિચાર કરીને દારુ પી સૂઈ જાય છે.

(૨) **બેકારીથી :** ઝુંપડપટ્ટીમાં કે કુબાઓમાં રહેતા હલકી જ્ઞાતિના લોકો ગરીબાઈને કારણે કંટાળી ગયા હોય ત્યારે તેઓ એમ વિચાર કરે કે - ધનવાન લોકો બહુ દારુ પીવે છે એટલે દારુમાં સુખ હશે. એમ માનીને પીવાનું શરૂ કરે પછી વ્યસની બની જાય છે. બીજું કારણ એ છે કે રૂપિયા કમાવા અનેક ધંધાઓ કરે પરંતુ સર્વે ધંધામાં ખોટ જાય તેના કારણે નિરાશ થઈ જાય, પછી તે નિરાશા દૂર કરવા દારુ પીવે તેથી નશો ચઢે એટલે મગજ શક્તિ ગુમાવે તેના કારણે ગરીબીનું દુઃખ ભૂલી જાય છે.

(૩) **વ્યવસાય નિમિત્તે :** જેમ તમાકુના વેપારીઓ તમાકુની પરખ માટે તમાકુ ખાય છે તથા બીડી પીવે છે એજ રીતે દારુ બનાવનાર પણ દારુને પારખવા માટે દારુ પીએ છે.

(૪) **દવા તરીકે :** ઘણા લોકોને દારુનું વ્યસન ન હોય પરંતુ તેવા લોકો બીમાર પડે એટલે ડોક્ટરો દારુ મિશ્રિત દવા આપે તેથી તેઓ સારુ ન થાય ત્યાં સુધી પીવે પછી બંધ કરી દે. અથવા તો ખૂબ શરદી થઈ ગઈ હોય ત્યારે પણ ઘણા લોકો પીતા હોય છે પછી બંધ કરી દે છે.

(૫) **સંગને લીધે :** ઘણા લોકો ખરાબ મિત્રો મળી જાય તેના કારણે દારુ પીતા થઈ જાય છે, પરંતુ તેઓને સારી વ્યક્તિઓનો સંગ મળે એટલે દારુ છોડી દે છે.

(૬) **કુટુંબના કુસંસ્કારને લીધે :** ઘરમાં બધીજ વ્યક્તિઓ દારુ પીતી હોય એટલે પોતે પણ નાનપણથીજ પીતો થઈ જાય છે.

(૭) **મનોરંજન માટે :** ઘણા લોકો દરરોજ દારુ ન પીતા હોય પરંતુ કોઈને ઘેર પાર્ટી રાખી હોય ત્યારે અથવા ક્લબમાં જાય ત્યારે દારુ પીતા હોય છે.

(૮) **જીજ્ઞાસાથી :** 'ઓન્લિ ફોર ટેસ્ટ' કેવળ સ્વાદ માટે. ઘણા લોકો પીતા ન હોય તેઓને ઈચ્છા થાય: "આટલા બધા લોકો પીવે છે તો તેઓને કેવો સ્વાદ આવતો હશે ? એમ વિચાર કરીને દારુ પીવે છે. આ રીતે આઠ કારણોથી લોકો દારુ પીતા થઈ જાય છે.

**દારુ પીવાથી શરીરને થતું નુક્શાન...**

દારુ પીવાથી બહુ **પાપ** લાગે છે એવું શાસ્ત્રો કહે છે તેથી તેનું **ફળ** અવશ્ય ભોગવવું પડે છે.પરંતુ તે વાત તો આસ્તિકો માને છે બીજા નહિ ; પરંતુ દારુ પીવાથી **શરીરમાં રોગો** થાય છે તે વાતો તો તેને માનવી જ પડશે. કારણ કે- વૈજ્ઞાનિકોએ તેનું **સંશોધન** કર્યું છે તે ટૂંકમાં જોઈએ.

દારુ ખૂબ ગરમ પીણું છે તેના કારણે પીનારી વ્યક્તિઓને જલ્દી એ.સી.ડી.ટી. અને અલ્સર થાય છે. તથા દારુ પીનારને 'હાઈ બી.પી.' થાય છે, તેને કારણે રક્તવાહિનીમાં તનાવ થાય છે. તેથી હૃદયને વધારે પરિશ્રમ કરવો પડે છે

**દારુ પીવાથી ધનની પાયમાલી...**

દારુ પીવાથી **શારીરિક** અને **માનસિક** નુકશાન થાય છે તે આપણે અનેક દૃષ્ટાંતો દ્વારા સમજ્યા. હવે જાણીએ **ધનની થતી નુકશાની.**

ગરીબ વર્ગનો માણસ દારુ પીને પોતાના કુટુંબની જીંદગી બરબાદ કરી નાખે છે. કારણકે-થોડા રૂપિયા કમાય એટલે તેનો દારુ લઈને પી જાય, પછી ઘરના લોકો રૂપિયા માગે એટલે **મારઝુડ** કરે છે, તેના કારણે પતિ-પત્નીમાં **કુસંપ** થાય છે. રૂપિયા ન હોય અને દારુનું વ્યસન પડી ગયું હોય તેથી માણસ પોતાના પૂર્વજોની મિલ્કત પણ વેચી નાખે છે. તેના રૂપિયા ખૂટી જાય પછી દારુ પીવા માટે **ચોરી** કરીને રૂપિયા લાવે છે. દારુડીયો ઘેર રૂપિયા ન આપે તેના કારણે તેના બાળકોને પુરુ ખાવાનું પણ મળતું નથી તેથી અશક્તિને કારણે અનેક પ્રકારના રોગ થાય છે. વળી રૂપિયા ન હોય



**"ધ પ્રેક્ટિસ ઓફ મેડીસીન' પુસ્તકના છેલ્લા પ્રકરણમાં ડો.લેવીશ લખે છે કે - "દારુ એ એવું ઝેર છે કે લોકો તેને સરળતાથી સમજી શકતા નથી. અને જ્યારે સમજે છે, ત્યારે પોતા પાસે બચાવા જેવું કાંઈ હોતું નથી. વૈજ્ઞાનિક ડો.ઓલ્સરે પણ કહ્યું છે કે- "દારુ પીવાથી નુકશાન થાય છે તે તમારી નજર સામે જોઈ શકો છો." તો આ તમામવૈજ્ઞાનિકો પણ દારુનો નિષેધ કરે છે."**



એટલે બાળકો ભણી શકતાં નથી અને પરિણામે તેઓને અભણ જાણીને કોઇ સારી નોકરીમાં પણ રાખતું નથી અને હલકી નોકરી કરવાથી પુરો પગાર મળે નહિ તેથી તેના કુટુંબનું પણ પુરુ પોષણ થાય નહિ. પછી અંતે મજબૂરીને કારણે ઘરના લોકોનું પોષણ કરવા માટે ચોરી અને લૂંટ-ફાટ વગેરે કરવા લાગે, તેથી **સમાજને અનેક રીતે નુકશાન** થાય, અને સમાજને થાય પછી **તેની અસર આખા દેશ ઉપર** થાય. આ તમામનું કારણ જો કોઇ હોય તો તે **દારુ** છે.

આપણા ગામની અંદર કોઇ વ્યક્તિ દારુ પીતો હોય, આપણા પડોશી દારુ પીતા હોય તો આપણે નજરે જોઇ શકીએ છીએ કે- તેઓના કુટુંબમાં **કુસંપ** હોય છે, તથા તેઓની મિલ્કત પણ વેચાઇ ગયેલ હોય છે. ધનવાન લોકો દારુ પીવે છે તેથી તેઓના રૂપિયાનો **દુર્વ્યય** થાય છે અને ગરીબ લોકો દારુ પીવે છે તેથી તેનું કુટુંબ **બેકાર** થઇ જાય છે. 'નથી તેઓને પુરુ ખાવા મળતું, કે નથી તેઓને સારુ પહેરવાનું મળતું, કે નથી તેઓને સારુ રહેવાનું મળતું.' એટલા માટેજ અંગ્રેજી લેખક **બર્નાર્ડ શો** એ એમ લખ્યું છે કે - **"શરાબ છે તે ગટરમાં ઢોળવા લાયક પીણું છે."**

મહાત્મા ગાંધીજીએ **'આત્મકથા'** માં લખ્યું છે કે - "હું બેભાન થઇ જાઉં તો પણ મારી છાતીએ દારુ ચોળશો નહિ."

**તત્ત્વચિંતક સોક્રેટીસનો જવાબ**

ગ્રીસ દેશના મહાન તત્ત્વચિંતક **'સોક્રેટીસ'** એકવાર ઘેર બેઠા હતા ત્યારે તેમની પાસે એક વ્યક્તિ આવ્યો. તેમણે સ્વાગત માટે એક દારુની બોટલ સોક્રેટીસને ભેટ આપી. તુરંત સોક્રેટીસે જમીન પર ઢોળી નાખી. ત્યારે પેલો વ્યક્તિ કહેવા લાગ્યો : "અરે સાહેબ ! આ વાઇન (દારુ) સો વર્ષ પહેલાંનો છે અને તેથી તેની કિંમત ઘણા પાઉન્ડ છે તેને તમોએ ધૂળમાં કેમ મેળવી દીધો?" ત્યારે સોક્રેટીસે સરસ જવાબ આપ્યો : "હે મિસ્ટર ! આ વાઇન પીધા પછી **મારા જીવનને તે ધૂળમાં મેળવી દે, તે પહેલાંજ મેં તેને ધૂળમાં** મેળવી દીધો." આવી વાત સાંભળી પેલો આશ્ચર્ય પામી ગયો.

**ઇટાલી દેશની સત્ય ઘટના...**

ઈટાલી દેશના મીલાન્ શહેરનો આ પ્રસંગ છે. તે શહેરમાં એક મોટો ચિત્રકાર હતો. તેણે વિચાર કર્યો કે - "મારે માણસનું ચિત્ર દોરવું છે, પરંતુ તે માણસનું ચિત્ર હોવા છતાં તેમાં **દેવ**નાં દર્શન થાય." પછી તેવા માણસને શોધી લાવ્યો અને સામે બેસાડીને તેનું ખૂબસૂરત ચિત્ર તૈયાર કર્યું, પછી તે ચિત્રનું નામ રાખ્યું **'ગોડ ઇન મેન'** (માણસમાં ભગવાન) તે ચિત્ર વિશ્વમાં પ્રસિદ્ધ થયું અને તેમને પુરસ્કાર મળ્યો.

આઠ વર્ષ પછી ફરીથી તે ચિત્રકારને થયું કે - "હવે હું એવું ચિત્ર તૈયાર કરુ કે તે ચિત્ર માણસનું હોવા છતાં તેમાં **શેતાન** દેખાય. **'ડેવીલ ઇન મેન'** (માણસમાં અસુર)" એવો વિચાર કરી તે, માણસ હોવા છતાં અસુર જેવો દેખાય એવી વ્યક્તિને શોધવા લાગ્યો. સમય જતાં એક માણસ તેણે જોયો, તેથી તેને બોલાવીને કહ્યું : "મારે માણસમાં શેતાન દેખાય એવું ચિત્ર દોરવું છે, માટે આપની પસંદગી કરુ છું; આપ મારે ત્યાં પધારો." પેલો ગયો તેથી તેનું ચિત્ર પેલા ચિત્રકારે દોર્યું, તો બરાબર તેવું જ થયું "ડેવીલ ઈન મેન" **માણસમાં શેતાન !**

આવું ચિત્ર જોઇને પેલો વ્યક્તિ જોરજોરથી રડવા લાગ્યો, તેથી ચિત્રકારે રડવાનું કારણ પૂછ્યું. ત્યારે પેલો વ્યક્તિ બોલ્યો : "આઠ વર્ષ પહેલાં તમોએ **મનુષ્યમાં દેવનાં દર્શન થાય** એવું ચિત્ર દોર્યું હતું તે હું પોતે હતો, અને આજે **મનુષ્યમાં શેતાન દેખાય** એવું ચિત્ર દોર્યું તે પણ મારું જ છે." ચિત્રકાર આવી વાત સાંભળી આશ્ચર્ય પામી ગયો અને તેનું કારણ પૂછ્યું. ત્યારે પેલી વ્યક્તિએ કહ્યું: "જ્યારે તમોએ આઠ વર્ષ પહેલાં ચિત્ર દોર્યું હતું ત્યારે હું દારુ પીતો ન હતો, અને ત્યારપછી મેં **દારુ પીવાનું શરુ કર્યું, તેથી જ** આજે તમોને હું માણસ હોવા છતાં શેતાન જેવો લાગું છું." **માણસ હોવા છતાં શેતાન** લાગ્યો. તેનું કારણ શું ? **દારુ.**

વિખ્યાત ઈતિહાસકાર **આર્નોલ્ડ ટોયન્બી** કહે છે : "વિશ્વની ૨૧ સંસ્કૃતિઓમાંથી ૧૯ સંસ્કૃતિઓનો નાશ શરાબથી થયો છે." **દારુએ વિશ્વમાં ઘણા કલેશો નિર્માણ કર્યા છે.** ઘણાં કુટુંબોને રઝળાવી દીધાં છે. યાદવકુળ આખું દારુમાં જ ખતમ થઈ ગયું.

વ્હાલા ભક્તજનો ! ચાલો આપણે પણ ભગવાન શ્રીહરિનું વાઙ્મય સ્વરૂપ **શિક્ષાપત્રીની ૧૮૩મી જન્મજયંતિ પ્રસંગે** શ્રીજીમહારાજની **આજ્ઞા** મુજબ, આપણા જીવાત્માનું આ લોક-પરલોકમાં અધઃપતન કરનાર આ દારુ, ડ્રગ્સ, તમાકું, બીડી, સિગારેટ, ગુટકા વગેરે તમામ કેફી અને જીવલેણ-ખતરનાક વસ્તુઓથી સદંતર દૂર રહેવા માટે કૃતનિશ્ચયી બનીએ અને સંપૂર્ણ સાવધાન રહીને દવા-ઔષધ જેવી જીવન જરૂરી ચીજમાં પણ આપણા માટે તે દારુ વગેરે દુઃખદાયી વસ્તુનું સ્થાન ન જ રહે, એવો વિશેષ ને વિશેષ પ્રયત્ન કરીએ...

અંતમાં **ભગવાન શ્રી સ્વામિનારાયણની વાણીરૂપી શિક્ષાપત્રી એ આપણી માતા જ છે.** આ ભગવાન શ્રીહરિની આજ્ઞારૂપી માતાને જેટલા વળગીને તેની સમીપે-સન્મુખ રહેશું તેટલું તે વધુ ને વધુ આપણું **રક્ષણ** કરતી જ રહેશે. વાત્સલ્ય વરસાવતી માતાની મૂર્તિરૂપ **સર્વથા હિતકારી** શિક્ષાપત્રીને અનુસરવાની અતિ દૃઢ પ્રતિજ્ઞાપૂર્વક ભગવાન શ્રી સહજાનંદ સ્વામી લિખિત - **શિક્ષાપત્રી માતાને કોટિ કોટિ પ્રણામ સહ...**

**...અસ્તુ જય શ્રી સ્વામિનારાયણ.**



## સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી વિરચિત શ્રીમદ્ સત્સંગિજીવનમાં

# માઘસ્નાન માહાત્મ્ય

- કો.સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી - સરધાર

> तन्नास्ति पातकं लोके यन्न स्नानाद्विनश्यति ।
> मासोपवासादधिकं माघस्नानं मुने! ध्रुवम् ॥'
>
> **"...હે મુને ! જગતમાં જે પાતક કહેલાં માઘસ્નાનથી ના નાશ પામે તેવું કોઈ પાતક નથી. માઘસ્નાનથી સર્વે પાપો નાશ પામે છે, માટે માઘસ્નાન માસના ઉપવાસથી પણ અધિક છે..."**
>
> (શ્રી સત્સંગિજીવન : ૪/૧૮/૨૧)



ભગવાન શ્રી સ્વામિનારાયણ શ્રી સત્સંગિજીવનના ચોથા પ્રકરણના ૧૮મા અધ્યાયમાં પોતે સ્વમુખે માઘ સ્નાનનો મહિમા કહેતા કહે છે :-

પોષ સુદ પુનમથી માઘ સ્નાનનો પ્રારંભ કરવો. અને માઘ સુદ પુનમ સુધી સ્નાન કરવું, આ એક મહિનો ઠંડા જળથી સ્નાન કરવું તેને માઘ સ્નાન કહેવાય છે.

જે નદીનું જળ સમુદ્રમાં જતું ન હોય તે નદીમાં માઘ સ્નાન કરવાથી ત્રણ દિવસનું ફળ મળે છે. અને જે નદી સમુદ્રમાં જતી હોય તેમાં માઘસ્નાન કરવાથી પંદર દિવસનું ફળ મળે છે. (અર્થાત્ ઘેર સ્નાન કરવાથી જે ફળ મળે તે કરતા પંદર ગણું ફળ મળે છે.) માઘ મહિનામાં ગરમજળથી સ્નાન કરે તો તે સ્નાન વૃથા ગણવામાં આવ્યું છે. સ્નાન કરીને ભીનું વસ્ત્ર ઓઢી ઘેર આવવું. આ રીતે જે સ્ત્રી-પુરુષો માઘ સ્નાન કરે છે તેઓને પગલે પગલે અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે.

તલને શરીરે ચોપડીને જે વ્યક્તિ સ્નાન કરે છે, તલનાં ચૂર્ણથી જે શરીરને માલીસ કરે છે, તલવડે જે યજ્ઞ કરે છે, જળમાં તલ નાખી જે પિતૃઓનું તર્પણ કરે છે,તલને જે ખાય છે અને તલનું જે દાન કરે છે- આ છ પ્રકારથી સ્ત્રી-પુરુષોનાં પાપ બળી જાય છે. માઘ સ્નાન સમયે નદીમાં જળ ન હોય તો નવા ઘડામાં સાંજે પાણી ભરી દેવું અને ખુલ્લી જગ્યામાં ખુલ્લી રીતે મૂકી પવનથી ઠંડું થયેલ પાણી ગંગાજળ સમાન માનેલું છે (માટે નદી ન હોય તો માટલા સ્નાન કરવું તે માટલાના જળથી સ્નાન કરનારને ગંગા નદીમાં સ્નાન કરે અને જે ફળ મળે તેટલું જ ફળ મળે છે એ કહેવાનો ભાવ છે.)

માઘ સ્નાન કરવાથી દરેક પાપ બળી જાય છે. તથા એક મહિનો ઉપવાસ કરે તે કરતાં માઘ સ્નાનનું ફળ વધારે મળે છે. માઘસ્નાન કરવાથી દેહને ઠંડી લાગે છે તેના કારણે પીડા અનુભવાય છે, પરંતુ દેહ મૂક્યા પછી તેઓને પરલોકમાં સુખ મળે છે, માટે માઘસ્નાન કરવું. માઘસ્નાન કરનાર વ્યક્તિએ દરરોજ સાકરથી યુક્ત તલનું દાન કરવું. તેમાં ત્રણ ભાગ તલના અને ચોથો ભાગ સાકરનો આપવો. માઘસ્નાનની સમાપ્તિમાં છ રસેયુક્ત પદાર્થોનું દાન કરવું. સાત ધાન્યનું દાન કરવું. (સાતનાં નામઃ ૧. જવ ૨. ઘઉં ૩. ડાંગર ૪. તલ ૫. કાંગ ૬. શ્યામો (મોરૈયો) અને ૭. ચીણો-આ સાત ધાન્યો કહેવાય છે.) સ્ત્રી-પુરુષોનાં વસ્ત્રોનું દાન કરવું. સાકર મિશ્રિત તલના ત્રીસ લાડુનું દાન કરવું. તલથી ભરેલા તાંબાના વાસણોનું દાન કરવું. ઠંડીને હરનારી કામળીઓનાં દાન કરવાં. ઓઢવાના વસ્ત્રોનાં દાન કરવાં. જોડાનું દાન કરવું અને મોજાનાં દાન કરવાં. આ દરેક દાન પોતાની શક્તિ પ્રમાણે કરવાં. પોતાની ઉન્નતિ ઈચ્છતી માઘસ્નાન કરતી વ્યક્તિએ, જે બ્રાહ્મણ માઘસ્નાન કરતા હોય તેઓને આ સમગ્ર પદાર્થોનું દાન દેવું.

મારા આશ્રિત જનોએ દરરોજ માઘ મહિનામાં નદી, તળાવ, કૂવો અને વાવમાંથી પાણી કાઢીને સ્નાન કરવું. અથવા પોતાના ઘેર માટલામાં ભરીને ઠંડા જળથી સ્નાન કરવું. અને તે સ્નાન, સૂર્યનારાયણ ઉદય (ઉગ્યા)પહેલાં કરવું. આ રીતે માઘસ્નાનનો વિધિ છે.

ઉપરોક્ત કહેલા પ્રમાણે માઘસ્નાનનો મહિમા સમજીને સરધારમાં પૂ. સંતો મંદિરનિવાસથી દરરોજ ૧. કી.મિ. દૂર શ્રીજીમહારાજના પ્રાસાદિક સરોવરમાં સ્નાન કરવા જાય છે. તેમજ સુરત, નવસારી, મુંબઈ, અમદાવાદ, રાજકોટ, વડોદરા વગેરે શહેરો અને ગામડાઓમાં ઘણા ભક્તજનો પણ માઘસ્નાન કરે છે. માટે આપ પણ માઘસ્નાનનો અવશ્ય લાભ લેશોજી. જો કે આપને આ 'ચિંતન અંક' મળતા માઘસ્નાનના થોડા દિવસો જતાં રહ્યા હશે તોપણ બાકીના દિવસોમાં માઘસ્નાન કરવું.



# શ્રદ્ધાનું સ્વરૂપ અને શક્તિ

- પાર્ષદ સરજુદાસ ભગત ગુરુ :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

"...જે શ્રદ્ધાવાન પુરૂષ હોય અને તેને જો સાચા સંતનો સંગ મળે અને તે સંતના વચનને વિષે શ્રદ્ધાવાન થાય તો એના હૃદયને વિષે સ્વધર્મ, વૈરાગ્ય, વિવેક, જ્ઞાન અને ભક્તિ આદિક કલ્યાણકારી ગુણ તે સર્વ પ્રગટ થઈ આવે છે, અને કામક્રોધાદિક જે વિકાર તે બળી જાય છે..."

(સારંગપુર પ્રકરણ વચનામૃત : ૧૮)

ભગવાન શ્રી સ્વામિનારાયણ સારંગપુરના ૧૮મા વચનામૃતમાં કહે છે કે, "જે **શ્રદ્ધાવાન પુરૂષ** હોય અને તેને જો સાચા સંતનો સંગ મળે અને તે સંતના વચનને વિષે શ્રદ્ધાવાન થાય તો એના હૃદયને વિષે સ્વધર્મ, વૈરાગ્ય, વિવેક, જ્ઞાન અને ભક્તિ આદિક કલ્યાણકારી ગુણ તે સર્વ પ્રગટ થઈ આવે છે, અને કામ ક્રોધાદિક જે વિકાર તે બળી જાય છે." માટે ધર્મની વૃદ્ધિ પમાડનાર તથા પ્રાપ્તિ કરાવનાર **સર્વશ્રેષ્ઠ સાધન** શ્રદ્ધા છે. **શ્રદ્ધા વિનાની વ્યક્તિને ક્યારેય પણ ધર્મની પ્રાપ્તિ થતી નથી.** શરીરને તપે કરીને સુકવી નાખે, કે પછી પોતાના ધનને સારા માર્ગે વાપરવા માત્રથી ધર્મની પ્રાપ્તિ થતી નથી. તે માટે તો શ્રદ્ધાની જ અનિવાર્ય જરૂર છે. શ્રદ્ધા છે તે માતાને સ્થાને છે. જેમ માતા બાળકને પાલન પોષણ કરી મોટા કરે છે. તેમ શ્રદ્ધા પણ ધર્મનું પોષણ કરીને તેને વૃદ્ધિ પમાડે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ તેમનું પણ સર્વોત્તમ સાધન શ્રદ્ધા જ છે. અને શ્રીજીમહારાજે પ્રથમ પ્રકરણના ૧લા વચનામૃતમાં પ્રશ્ન પૂછ્યો જે, "સર્વ સાધનમાં કયુ સાધન કઠણ છે ? ત્યારે શ્રીજીમહારાજે ઉત્તર કર્યો કે, ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ સાધન કઠણ નથી. અને જે મનુષ્યના મનની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં અખંડ રહે છે તેને તેથી બીજી અધિક પ્રાપ્તિ શાસ્ત્રોમાં કહી નથી." તે પ્રશ્નના ઉત્તરને પોષણ આપતા ગઢડા મધ્ય પ્રકરણના ચોથા વચનામૃતમાં ભગવાન શ્રીહરિ કહે છે જે, "અખંડ ચિંતવન થાય તેવી શ્રદ્ધા જોઈએ અને જ્યારે એવી શ્રદ્ધા ન હોય ત્યારે તેટલું માહાત્મ્ય જાણ્યામાં પણ ઓછ્યપ છે માટે શ્રદ્ધા હોય તો જ અખંડ ચિંતવન થાય છે."

ગઢડા મધ્ય પ્રકરણના ૧૬મા **વચનામૃત**માં ભગવાન શ્રીહરિ કહે છે કે, "જેને મંદ શ્રદ્ધા હોય તેને તો ઘણાક જન્મે કરીને સાધનની સમાપ્તિ થાય છે. અને **જેને બળવાન શ્રદ્ધા હોય તે તો તત્કાળ સિદ્ધ થાય છે.** જેમકોઈ પુરૂષ કાશીએ જતો હોય ને તે આખા દિવસમાં બે ડગલાં ચાલતો હોય તેને તો કાશીએ જતાં બહુ દિવસો લાગે અને જે વીસ વીસ ગાઉ ચાલવા માંડે તે અહીંથી કાશીએ થોડાક દિવસમાં પહોંચે. તેમજેને શ્રદ્ધા બળવાન છે તે તો હમણાં તુરત સત્સંગી થયો હોય તોપણ અતિશય સરસ થઈ જાય છે. અને જેને શ્રદ્ધા મંદ હોય તે તો ઘણા કાળથી સત્સંગી થયો હોય તોય પણ લોચો-પોચો રહે છે." પછી **અખંડાનંદ સ્વામીએ પ્રશ્ન** પૂછ્યો જે, "તીવ્ર શ્રદ્ધાવાન પુરૂષના શા લક્ષણ છે ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જેને તીવ્ર શ્રદ્ધા હોય તેને જ્યારે ભગવાનને દર્શને આવવું હોય અથવા ભગવત્કથાવાર્તા સાંભળવી હોય તથા ભગવાનની માનસીપૂજા કરવી હોય ઈત્યાદિક જે જે ભગવાન સંબંધી ક્રિયા તેને કર્યા સારૂ સ્નાનાદિક જે પોતાની દેહક્રિયા તેને અતિશય ઉતાવળો થઈને કરે, અને કાગળ લખીને અમે કોઈક વર્તમાન ફેરવ્યું હોય તો તેને કરવાને અર્થે પણ આકળો થઈ જાય. અને મોટો માણસ હોય તો પણ ભગવાનના દર્શન સારૂ બાળકની પેઠે આકળાઈ કરવા માંડે એવા જેનાં લક્ષણ હોય તેને તીવ્ર શ્રદ્ધાવાન જાણવો. અને જે એવી શ્રદ્ધાવાળો હોય તે સર્વ ઈંદ્રિયોને પણ તત્કાળ વશ કરે છે."

ભગવદ્ ગીતામાં **શ્રીકૃષ્ણપ્રભુ** કહે છે : - "શ્રદ્ધાવાન પુરુષને તત્કાળ અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તથા શ્રદ્ધારહિત અને સંશયવાળો પુરુષ



મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થાય છે.''

(ભગવદ્ ગીતા : ૩૯/૪૦)

સ્વયં શ્રીકૃષ્ણપ્રભુ બોલે છે :- ''શ્રદ્ધા વિનાનું યજ્ઞમાં હોમેલું, દીધેલું દાન તથા તપ, વ્રત વગેરે કરે તોપણ તેમને સંપૂર્ણ ફળ મળતું નથી.'' (ભગવદ્ ગીતા : ૧૭/૨૮)

શ્રદ્ધાહીન મનુષ્યની મોક્ષકારક સાધનોમાં પ્રવૃત્તિ થતી નથી, એથી ઊંડો વિચાર કરવાથી જણાય છે કે - અશ્રદ્ધાથી જ અનેક રીતે વિભ્રાંત થયેલા સર્વ જીવો સંસારરૂપ સમુદ્રમાં વારંવાર જન્મમરણને પામે છે.

શ્રદ્ધા એટલે વિશ્વાસ એવો સામાન્ય રીતે અર્થ કરાય છે. પરંતુ **વિશ્વાસ** અને **શ્રદ્ધા** એ બન્ને શબ્દો ઘણે સ્થળે જુદા જુદા અર્થમાં વપરાયેલા જણાય છે, તો પછી તેના અર્થમાં શો તફાવત હશે ? એમ શંકા થાય તે માટે એ સંબંધમાં થોડો વિચાર કરીએ.

કોઈપણ આધ્યાત્મિક સત્કર્મમાં શરૂઆતથી તે સિદ્ધિ પર્યંત **ત્રણ વસ્તુ**ની જરૂર પડે છે :

(૧) પ્રીતિ (૨) વિશ્વાસ અને (૩) શ્રદ્ધા.

જેમાં આપણને **પ્રીતિ** હોય તેનું નામ સાંભળી આપણે તુરંત તેની પાસે જઈએ છીએ. અને તેનો **વિશ્વાસ** હોય તો તેનું કહેલું સત્ય મનાય છે. પરંતુ **શ્રદ્ધા** ન હોય તો, તે જે કહે તે પ્રમાણે વર્તન થાય નહિ. આને મળતો જ અર્થ કરતા શ્રીમદ્ સત્સંગિજીવનના બીજા પ્રકરણના ૧૦મા અધ્યાયમાં ૨૭મા શ્લોકની ટીકામાં કર્યો છે કે,

**'શાસ્ત્રીયે શ્રેયઃ સાધને વિશ્વાસપૂર્વિકા ત્વરા શ્રધ્ધા'**

**અર્થ** :- ''શાસ્ત્રમાં કહેલા મોક્ષકારક સત્કર્મો વિશ્વાસપૂર્વક કરી લેવાની જે ત્વરા (ઉતાવળ) તેનેજ શ્રદ્ધા કહેવામાં આવે છે.''

પ્રીતિથી સમીપે જવાય છે, વિશ્વાસથી સંશય રહિત થવાય છે અને શ્રદ્ધાથી તૂર્તજ આચરણમાં મૂકી શકાય છે.

ઉત્તર ગુજરાતમાં **ઉંઝા** નામનું ગામ આવેલું છે. તે ગામમાં **ઉદેકુંવર** નામના એક સારાં સત્સંગી બહેન થઇ ગયાં છે. એકવાર શ્રીજીમહારાજ તેમને ઘેર દિવ્યરૂપે પધાર્યા, ત્યારે તે બહેન રસોઇ બનાવતાં હતાં તેથી મહારાજ બહાર ઓસરીમાંજ બેઠા રહ્યા. ઘણીવાર પછી ઉદેકુંવર બહેન બહાર આવ્યાં, ત્યાં તો મહારાજને જોયા તેથી ગાંડા-ઘેલાં બની ગયાં અને રાજી રાજી થઇ ગયાં. પછી શ્રીજીમહારાજે તેમને પૂછ્યું : ''હે ઉદેકુંવર ! તમારે રસોઇ કરતાં દરરોજ આટલી બધી વાર લાગે છે.?'' ત્યારે તેઓ બોલ્યાં : ''હા મહારાજ, વાર તો બહુ લાગે છે.'' પછી મહારાજે કહ્યું : ''રસોઇ કરતાં આટલો બધો સમય કરો છો ! ત્યારે ભજન ક્યારે કરો છો ?'' ત્યારે તે બહેન બોલ્યાં : ''હે મહારાજ ! ભજન તો ઓછું થાય છે. હવે તમે કહો તેમકરૂં.'' ત્યારે મહારાજ બોલ્યા : ''કાલથી તમારે ફક્ત એક શીંઘોડું ખાવું અને રસોઇ બનાવવી નહિ, તેમજ બીજું કંઇપણ ખાવું નહિ.'' તુરંત ઉદેકુંવર બહેને હા કહી, અને દરરોજ ફક્ત એક શીંઘોડું ખાઇને રહેવા લાગ્યાં.

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો-૪૧૭)

આપણે આગળ જોઇ ગયા કે સત્કર્મ કરવા માટે ત્રણ વસ્તુ જોઇએ - **પ્રીતિ, વિશ્વાસ અને શ્રદ્ધા.** તો ઉદેકુંવર બહેનમાં ત્રણે વસ્તુઓ હતી. શ્રીજીમહારાજ સાથે હેત હતું તેના કારણે, મહારાજે એક શીંઘોડું ખાવાનું કહ્યું એટલે વિશ્વાસ આવી ગયો કે - ''મહારાજ કહે છે એટલે જરૂર રહી શકાય.'' આ રીતે સત્ય મનાઇ ગયું એટલે વિશ્વાસ આવી ગયો કહેવાય. પરંતુ શ્રદ્ધા આવી ન કહેવાય. પછી વળતે દિવસે તે વચનને આચરણમાં લાવી ક્રિયાત્મક બનાવી દીધું તેથી શ્રદ્ધા આવી ગઇ કહેવાય. તો તે ઉદેકુંવર બહેનને શ્રીજીના વચનમાં શ્રદ્ધા હતી તેથી આજીવન એક શીંઘોડું ખાઈને રહ્યાં હતાં.

શ્રદ્ધા વિનાનો કોઇ ઉપવાસ કરે તો તેને ઢોર લાંઘણ કહેવાય છે. અર્થાત્ પશુને જેમ ખાવાની ઈચ્છા હોવા છતાં તેને સવારથી ખીલે બાંધી રાખીને સાંજ સુધી અન્ન-જળ આપીએ નહિ, તેથી તેને ઢોર-લાંઘણ કહેવાય; તેમ ઘરમાં રહેતા સર્વે વ્યક્તિઓ ઉપવાસ કરતાં હોય અને એક માણસની ઇચ્છા ન હોય, છતાં તેપણ બીજાના કહેવાથી જ આખો દિવસ જમે નહિ તેને **ઢોર લાંઘણ** કહેવાય. કેમજે - તેને ઉપવાસ કરવાની શ્રદ્ધા ન હતી, તેમજ ઉપવાસ કરવાથી જે ફળ મળે છે તેમાં પણ શ્રદ્ધા ન હતી તે માટે તેને ઢોરલાંઘણ કહેવાય છે.

જે વ્યક્તિને શ્રદ્ધા ન હોય પરંતુ લોક-લાજે કરીને દાન કરે, પછી પસ્તાય કે - ''દાન ન દીધું હોત તો સારુ હતું.'' તો તેવા લોકોને તે દાનનું પણ ફળ મળતું નથી.

કોઇ વ્યક્તિ પાસે લાખો રૂપિયા હોય પરંતુ શ્રદ્ધા ન હોય તો તે ધર્માદામાં કંઇપણ આપતો નથી. પછી તેનું ધન મધમાખીઓના મધની જેમ બીજા લોકો વાપરે છે. શ્રદ્ધાવાળો ભક્ત છે તે તો દેહ, મકાન વગેરે સંપત્તિ તુચ્છ ગણીને પ્રભુને અર્પણ કરી દે છે. કહેવાનો ભાવાર્થ એ છે કે - **''શ્રદ્ધાવાન માણસ ધારે તે કામ કરી શકે છે.''** શ્રદ્ધાવાન માણસને ભગવાન સામે ચાલીને દર્શન આપવા પધારે છે. શબરી બાઈને મતંગઋષિએ આશીર્વાદ આપ્યા હતા કે ત્રેતાયુગમાં ભગવાન રામરૂપે પ્રગટ થશે ત્યારે તેમને દર્શન દેવા માટે આ આશ્રમમાં આવશે.

મતંગઋષિની આજ્ઞાથી **શબરીબાઈ** તેજ આશ્રમમાં રહેવા લાગી અને રામની રાહ જોતાં વૃદ્ધ થઈ ગઈ. છતાં પણ તેની શ્રદ્ધા ઓછી ન થઈ. દરરોજ આશ્રમને ફુલડાથી શણગારે, વનમાંથી સરસ મીઠા બોર વીણી લાવે અને રસ્તાને વાળીને સાફ રાખે. એટલી બધી તેની શ્રદ્ધા જોઈને **શ્રીરામપ્રભુ** અનેક મુનિઓના આશ્રમો છોડીને શબરીબાઈને સામે ચાલીને દર્શન દેવા પધાર્યા.

તેમજેને શ્રદ્ધા હોય તેને ભગવાન તત્કાળ દર્શન આપે છે અને વશ થઈ જાય છે. એકવાર નારદજી **વૈકુંઠ**માં જતા હતા. તે સમયે એક સંતે તેમને બોલાવીને કહ્યું : ''હે નારદજી ! સવારથી સાંજ સુધી હું ભગવાનની મૂર્તિને પ્રદક્ષિણા કર્યા કરૂં છું તેના કારણે જમીનમાં કમર સુધી ખાડો પડી ગયો છે. એટલા વર્ષોથી હું સતત નારાયણ નામ

લેતો લેતો પ્રદક્ષિણા કરૂં છું, તો પ્રભુને પૂછી જોજોને, કે મને ક્યારે દર્શન દેવા આવશે.''

નારદજી તે સંતનું તપ જોઇને ખૂબ રાજી થયા અને વૈકુંઠમાં ગયા. પરમાત્માનાં દર્શન કરીને નારદજીએ પેલા સંતનો સંદેશો પૂછ્યો. ત્યારે ભગવાને કહ્યું : ''હે નારદ ! તમે તે સંતને કહેજ્યો કે - ''તમે જે આંબલી નીચે મારુ સ્વરુપ પધરાવી પ્રદક્ષિણા કરો છો, તે આંબલીના એક પાને એક હજાર વર્ષ થશે, એ રીતે સમગ્ર પાને પાને હજાર હજાર વર્ષ પુરાં થશે ત્યારે હું દર્શન દેવા આવીશ.''

પછી નારદજીએ આવીને તે સંતને વાત કરી. વાત સાંભળીને તુરંત સંત નાચવા લાગ્યા. નારદજીએ **નાચવાનું કારણ** પૂછ્યું. ત્યારે સંતે જવાબ આપ્યો : ''હે નારદજી ! ક્યારેક ક્યારેક મને થતું કે-ભગવાન દર્શન દેશે કે નહિ ? એમ શ્રદ્ધામાં ડગમગાટ રહ્યા કરતો, અને હવે ભગવાને કહી દીધું છે કે -''આ આંબલીના એક પાને હજાર વર્ષ પુરા થાય એટલે હું દર્શન દેવા આવીશ.'' આવું સાંભળીને મને **સંપૂર્ણ ખાતરી** થઇ ગઇ છે કે - ''જરૂર દર્શન દેવા ભગવાન આવશે, માટે હું નાચી રહ્યો છું.''

સંતની તીવ્ર શ્રદ્ધા જોઇને તુરંત ભગવાને પ્રગટ થઇને દર્શન દીધાં. ત્યારે નારદજીએ પૂછ્યું : ''હે ભગવાન્ ! તમો તો આંબલીના પાનની ગણતરી કરીને દર્શન દેવાનું કહેતા હતા અને અત્યારે જ દર્શન દેવા કેમ પધાર્યા ?'' ત્યારે ભગવાને કહ્યું : ''હે નારદજી ! મારે દર્શન દેવા આવવું ન હતું પરંતુ તેમની **તીવ્ર શ્રદ્ધા** જોઇને આવ્યો છું. જે જે મારા ભક્તો તીવ્ર શ્રદ્ધાવાન હોય છે તે તે ભક્તોને દર્શન દેવા હું અવશ્ય જઉં છું.''

વ્હાલા ભક્તો ! આપણે પણ શ્રદ્ધાથી ભગવાનની ભક્તિ કરીએ તો ભગવાન એક દિવસ જરૂરને જરૂર દર્શન દેવા પધારશે.

**અનુસંધાન પેજ ૧૫નું ચાલું...**

હતા અને **મહારાણા પ્રતાપ**ના લશ્કરના **સેનાપતિ મુસલમાન હકીમખાં સુર** હતા. જેમણે મેવાડની સ્વતંત્રતા માટે પોતાના લોહીનો અર્ઘ્ય ચઢાવી બલિદાન આપતા પહેલા મહારાણા પ્રતાપને પ્રાર્થના કરી હતી કે, ''મેવાડ માલિક ! આ મુસલમાન બચ્ચા ઉપર એકવાર વિશ્વાસ મૂકો અને મારા જાંબાઝ જવાનોને અગ્રિમ મોરચે લડવાનું માન આપો. પછી જુઓ કે મુસલમાન પઠાણ પોતાના વચન પર કેવા મરી મટે છે. જ્યાં આપનો પરસેવો વહેશે એ માટીને આ મુસલમાન બચ્ચો પોતાના લોહીથી લાલ કરી દેશે. સોગંદ છે ખુદાના, મૂકેલા વિશ્વાસને જાળવવા મરતાં પણ પઠાણ તલવાર નહિ છોડે. મુસલમાન પઠાણ જીવ હારી શકે છે - વિશ્વાસ નહિ.'' ઈતિહાસની **લોકસ્મૃતિ** સાચી છે કે - **હલ્દીઘાટીના આ અમર શહીદના નિષ્પ્રાણ હાથોમાંથી તલવાર સુદ્ધા છોડાવી નહોતી શકાઈ.** છેવટે શહીદ **હકીમખાં સૂર**ને તેમની **તલવાર સહિત દફનાવ્યા** હતા. આ ને કહેવાય વિશ્વાસ નિભાવ્યો. એટલે જ તો મેવાડ યાદ કરે છે તેમની **સ્વામીભક્તિ**ને અને તેમના **વતનપ્રેમને.** મહારાણા પ્રતાપે હિંદુ-મુસલમાન કે રજપૂત - પઠાણને બદલે કોમની ભાવના અને બલિદાનની વીરતા પર **વિશ્વાસ** મૂક્યો હતો. એટલે જ મેવાડના સ્વાભિમાની લોકો, જયચંદો, મિર્ઝાફર તેમજ માનસિંહને ધિક્કારે છે. અને હકીમખાં સૂરને યાદ કરે છે. અરે ! યાદ કરે છે એ મહારાષ્ટ્ર પ્રદેશની એક અબળા છતાં દેશની વફાદારી ખાતર પ્રિય પતિનો પણ ભોગ આપનાર **વીર શકુંતલાને...!!**

છત્રપતિ શિવાજી મહારાજના **અભેદ્ય** ગણાતા **સિંહગઢ**ના કિલ્લા ઉપર ઔરંગઝેબ ત્રાટકયો. કિલ્લો કેમેય કરી હાથવગો ન થતાં તેણે **લક્ષ્મણરાવ** નામના શિવાજીના વફાદાર મનાતા સૈનિકને ધનની મોટી લાલચ આપીને ફોડી નાખ્યો. હવે લક્ષ્મણરાવ રાજ્યની બધી ગુપ્ત વાતો બાદશાહને પહોંચાડવા લાગ્યો. તેથી શિવાજીના ગેરીલા-છાપાઓ નિષ્ફળ જવા લાગ્યા. સહુને ખ્યાલ આવી ગયો કે કોઈ ફૂટી ગયેલ છે.

એકવાર મોડી રાતે લક્ષ્મણરાવ છાવણીમાંથી બહાર નીકળ્યો. તેની પત્ની **શકુંતલા**ને તેના ઉપર શંકા હતી. તેથી આજે તેમણે પગેરું દબાવ્યું.

લપાતો છુપાતો લક્ષ્મણરાવ શત્રુની છાવણી તરફ જતો હતો. એકાએક શકુંતલાએ તેને પડકાર્યો. અવાજ ઉપરથી લક્ષ્મણરાવે તેને ઓળખી કાઢી. શકુંતલાએ આવી **વિશ્વાસઘાત**ની **પ્રવૃત્તિ કરવા** બદલ સખ્ત શબ્દોમાં પતિની ખબર લઈ નાખી. રાવે તેને સમજાવવા નિષ્ફળ પ્રયત્ન કર્યા કે આપણી સાત પેઢીનું દરિદ્ર ફેડાઈ જાય તેટલું ધન બાદશાહ ઔરંગઝેબ આપણને આપવાનો છે. શિવાજી તો આના લાખમાં ભાગનુંય દઈ શકે તેમનથી.

શકુંતલાએ કહ્યું : ''વિશ્વાસઘાતી, **જો હવે એક ડગ પણ આગળ જશો તો હું તમારી પત્ની મટી જઈશ.** મારા પતિ કરતા મને **મારો દેશ** વધુ વ્હાલો છે. તે માટે ભલે ભૂખ્યા મરવું પડે. હું ફરી તમને **આદેશ** કરું છું કે તમે શત્રુની છાવણી તરફ આગળ વધતા અટકી જાઓ.'' રાષ્ટ્ર-દ્રોહ, વિશ્વાસઘાત વગેરે પાપો નહિ કરવા માટે તેને સમજાવ્યો.

પરંતુ લક્ષ્મણરાવે તે વાતને ગંભીરતાથી ન લીધી. તે આગળ વધ્યો. તરત જ શકુંતલા રણચંડી બનીને ત્રાટકી. રાવને ધરતી ઉપર પટકી પાડ્યો. પોતે સાથે લાવેલી કટારીના ઘા ઉપર ઘા મારીને **પતિને મારી નાખ્યો.** આ અબળાનો કેવો દેશપ્રેમ, કેવી વફાદારી...!!!

આ જ તો આપણી છે **સેક્યુલર** (ચિરકાલીન) **પરંપરા.** અંતમાં ફરી એકવાર ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના વચનોને યાદ કરી વિરમીએ : 'વિશ્વાસઘાતો નો કાર્યઃ ।' - 'કોઈનો વિશ્વાસઘાત ન કરવો.' **...અસ્તુ જય શ્રી સ્વામિનારાયણ.**

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ્રકાશિત

# નૂતન નવલા પ્રકાશનો... આજે જ આપ માણો...

## સત્સંગ પરિભ્રમણ - ૧



તા.૨૩ થી ૨૯ ફેબ્રુઆરી - ૨૦૦૮ સુધી ખસ (તા.રાણપુર)ને આંગણે યોજાયેલ મંદિરનો રજત જયંતિ મહોત્સવ, તા. ૭ થી ૧૩ જૂન - ૨૦૦૮ સુધી ડોંબીવલી (મુંબઈ)ને આંગણે યોજાયેલ મંદિરનો ચતુર્થ પાટોત્સ અને સરધારધામને આંગણે યોજાયેલ તેરમી શ્રી સ્વા. સત્સંગ છાવણી - ૨૦૦૮માં પધારેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીની ભવ્ય શોભાયાત્રા, અમૃતવાણી, દિવ્ય શેરડી ઉત્સવ વગેરે કાર્યક્રમને આ ડી.વી.ડી. દ્વારા માણીએ...



## સત્સંગ પરિભ્રમણ - ૨



તા.૭ થી ૧૩ નવેમ્બર - ૨૦૦૮ સુધી કેરાળા (તા. સાવરકુંડલા)ને આંગણે યોજાયેલ મંદિરના પંચ દશાબ્દિ મહોત્સવ પ્રસંગે તેમજ તા. ૨૯ થી ૫ ડીસેમ્બર - ૨૦૦૮ સુધી ચણાકા (જી. જૂનાગઢ)ને આંગણે યોજાયેલ નૂતન શ્રી સ્વા. મંદિરના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પધારેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીની ભવ્ય શોભાયાત્રા અને દિવ્ય અમૃતવાણી વગેરે કાર્યક્રમોને આ ડી.વી.ડી. દ્વારા માણીએ...



## સત્સંગ પરિભ્રમણ - ૩



તા.૧૪ થી ૨૨ ડીસેમ્બર - ૨૦૦૮ સુધી ગોહિલવાડ પ્રદેશના ભાવનગર શહેરને આંગણે યોજાયેલ 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ' તેમજ વડતાલ ખાતે તા. ૨૩-૧૨-૦૮ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં ૧૦૦ કરોડ શ્રી સ્વામિનારાયણ મંત્રલેખનનો શુભારંભ કરવામાં આવ્યો હતો તેની સ્મૃતિ આ ડી.વી.ડીના માધ્યમથી આપણે કરીએ...



## સત્સંગ પરિભ્રમણ - ૪



આજથી ૧૭૫ વર્ષ પૂર્વે નવાબી રાજ્યમાં જૂનાગઢ શહેરના રાજમાર્ગો પર નવગજા હાથી પર બિરાજમાન ભગવાન શ્રી સ્વામિનારાયણનું જે દબદબાપૂર્વક બહુમાન કરીને શાનદાર શોભયાત્રા કાઢવામાં આવી હતી તેની પુનઃ ઝાંખી કરાવતી અવર્ણીય શોભાયાત્રા તા.૩૧ ડીસેમ્બર થી ૮ જાન્યુઆરી - ૨૦૦૯ સુધી સોરઠ પ્રદેશના જૂનાગઢ શહેરને આંગણે યોજાયેલ 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ' અંતર્ગત ભગવાન શ્રીહરિના નવમાં વંશજ પૂ. લાલજી મહારાજશ્રીની કાઢવામાં આવી હતી તેની ઝણક આ ડી.વી.ડી.ના માધ્યમથી માણીએ...



## નિત્ય સાયં સમારાધના



ભગવાન શ્રીહરિની સાયં સમયે નિયમપૂર્વક બોલવા-સાંભળવા યોગ્ય ગોડી-આરતી-સ્તુતિ-પ્રાર્થના-સ્વાભાવિક ચેષ્ટા વગેરે નિત્ય નિયમો...

**સ્વર :- પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી**

**પ્રયોજક :- પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ - સરધાર)**



આંતરરાષ્ટ્રીય શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ 2009

૧૦૦ કરોડ મંત્રલેખન • અનેક શહેરોમાં ઉપમહોત્સવો • મહામહોત્સવ - ગઢપુર

અધ્યક્ષ : પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ

ઉપાધ્યક્ષ : પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી મહારાજ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ

## :: મહામંત્રપોથી પ્રાપ્તિ સ્થાન ::

**ગઢડા :** શ્રી સ્વા. મંદિર, જી. ભાવનગર. ફો.નં. ૦૨૮૪૭ - ૨૫૨૮૦૦/૯૦૦. **વડતાલ :** 'આચાર્ય નિવાસ' શ્રી રઘુવીર વાડી, ફો.નં. ૯૮૨૫૧ ૩૪૧૦૮. **સરધાર :** શ્રી સ્વા. મંદિર, તા.જી. રાજકોટ. ફો. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, ૯૮૭૯૭ ૫૮૫૦૩. **બગસરા :** શ્રી સ્વા. મંદિર, બંગલી ચોક. ફો.નં. ૦૨૭૯૬ - ૨૨૨૫૪૧ **મહુવા :** શ્રી સ્વા. મંદિર, ખારગેટ, જી. ભાવનગર. ફો.નં. ૦૨૮૪૪ - ૨૨૨૨૪૨. **પારેખા :** કષ્ટભંજન શ્રી સ્વા. મંદિર, તા. ડભોઈ, જી. વડોદરા. ફો.નં. ૦૨૬૬૩ - ૨૨૬૬૬૮. **સુરત :** શ્રી સ્વા. મંદિર, શ્રીજીનગર વિ-૨ વરાછા રોડ, સ્પીનીંગ મીલની બાજુમાં. ફો. ૯૮૭૯૭ ૫૮૫૧૩. **સુરત :** શ્રી સ્વા. મંદિર - રાંદેલ સુરત. ફો.નં.૦૨૬૧ - ૨૭૬૯૯૨૦. **ડોંબીવલી :** શ્રી સ્વા. મંદિર, રાજાજી રોડ, રેલ્વે બ્રીજની બાજુમાં. ફો.નં. ૦૨૫૧ - ૨૪૫૩૮૭૫. **મલાડ :** શ્રી સ્વા. મંદિર - મલાડ (મુંબઈ) ફો.નં. ૦૨૨ - ૮૮૦૪૩૫૬. **અમરેલી :** શ્રી સ્વા. મંદિર, પાણી દરવાજા. ફો.નં. ૦૨૭૯૨ - ૨૨૦૫૦૧, ૨૨૪૧૩૩. **ખોપાળા :** શ્રી સ્વા. મંદિર, તા. ગઢડા જી. ભાવનગર. ફો.નં. ૦૨૮૪૭ - ૨૮૨૦૩૭. **સાવરકુંડલા :** 'કાનાણી ટ્રેડર્સ' નાવલીના કાંઠે. ફો.નં. ૯૪૨૬૯૦૮૭૫૧.

# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી તથા સાધુ અમૃતસ્વરૂપદાસ - સરધાર

## સારસા(ભરૂચ)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય સંન્નિધિમાં યોજાયેલ શ્રી રામજી મંદિરનું ખાતમુહૂર્ત

તા. ૧૫-૧૨-૦૮ના રોજ ભરૂચ જિલ્લાના સારસા ગામને આંગણે પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં** સમસ્ત ગામસમાજ દ્વારા નવનિર્મિત શ્રી રામજી મંદિરનું ખાતમુહૂર્તવિધિ રાખવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વડતાલથી પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રી વેદોક્તવિધિ અનુસાર નૂતન મંદિરનું ખાતમુહૂર્તવિધિ કર્યું હતુ. ત્યારબાદ સભાસ્થાનમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી પોતાનું સ્થાન ગ્રહણ કર્યું હતું. પૂ. સંતો-ભક્તોએ પુષ્પમાળા પહેરાવીને સ્વાગત કર્યું હતું. ત્યારબાદ પૂ. ઘનશ્યામસ્વામી, પૂ.ધર્મ સ્વામી આદિક સંતોના માંગલિક ઉદ્‌બોધન બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ભક્તજનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

## કડાધરા(સુરત)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય સંન્નિધિ ઉજવાયેલ ભવ્ય શાકોત્સવ

તા. ૧૯-૧૨-૦૮ના રોજ શ્રીજીમહારાજના પુનિત ચરણારવિંદથી પાવન થયેલ ખેડા શહેર ખાતે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં** પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી મહારાજશ્રીની દિવ્ય સંન્નિધિમાં ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સભાસ્થાનમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી પોતાનું સ્થાન ગ્રહણ કર્યું હતું. પૂ. સંતો-ભક્તોએ પુષ્પમાળા પહેરાવીને સ્વાગત કર્યું હતું. ત્યારબાદ પૂ. ઘનશ્યામસ્વામી, પૂ. ધર્મ સ્વામી આદિક સંતોના માંગલિક ઉદ્‌બોધન બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ભક્તજનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

સત્સંગ સભાના અંતમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ ઠાકોરજીને ધરાલેવા રીંગણાના શાકના મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## સોરઠ પ્રદેશના માણાવદરને આંગણે યોજાયેલ ભવ્ય શાકોત્સવ

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં** તેમજ પ.પૂ. મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી માણાવગરને આંગણે તા. ૨૧-૧૨-૦૮ના રોજ ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં સરધારથી પૂ. આનંદસ્વરૂપદાસજી સ્વામી તથા પૂ. પૂર્ણસ્વરૂપદાસજી સ્વામી આદિક પૂ. સંતો-ભક્તોએ સત્સંગ કથા-વાર્તાનો અનેરો લાભ આપ્યો હતો.

અંતમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ ઠાકોરજીને ધરાલેવા રીંગણાના શાકના મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## સારસાપુરીમાં યોજાયેલ શ્રીમદ્‌ સત્સંગિજીવન કથા પારાયણમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં** આણંદ તાલુકાના સારસાપુરીને પવિત્ર ધનુર્માસમાં વરજાંગ જાળિયા નિવાસી પૂ. પુરાણી શ્રી શ્રીહરિદાસજી સ્વામીના વ્યાસાસને સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ 'શ્રીમદ્‌ સત્સંગિજીવન કથા પારાયણ'નું આયોજન કરવામાં આવ્યું હતું. પારાયણ દરમ્યાન ભક્તજનોના ખૂબજ ઉત્સાહ સાથે પૂ. વક્તાશ્રી દ્વારા ઘનશ્યામજન્મોત્સવ, ગાદી પટ્ટાભિષેક, રાસોત્સવ વગેરે ઉત્સવો પોતાની ભાવવાહી સુમધુર શૈલીમાં ગીત-સંગીતની સાથે ઉજવવામાં આવ્યા હતા. આ પ્રસંગે તા. ૨૧-૧૨-૦૯ના રોજ વડતાલથી પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. તેઓનું પૂ. સંતો તેમજ યજમાનશ્રી દ્વારા પુષ્પમાળા પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. પૂ. સંતો-ભક્તોના પ્રાસંગિક ઉદ્‌બોધન પછી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સહુ ભક્તજનોને આશીર્વાદની અમૃતવર્ષા વરસાવી હતી. ત્યારબાદ સૌ કોઈ ભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીના સમીપ દર્શનનો લ્હાવો લીધો હતો.

## ડોંબીવલી(મુંબઈ)ને આંગણે યોજાયેલ પંચ દિનાત્મક પુરુષોત્તમપ્રકાશ કથા તથા દિવ્ય શાકોત્સવ

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં** તેમજ પ.પૂ. મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર - ડોંબીવલીને આંગણે મંદિરમાં વિરાજમાન શ્રી ઘનશ્યામમહારાજની પાવન નિશ્રામાં તા. ૨૪-૧૨-૦૮ થી ૨૮-૧૨-૦૮ સુધી પવિત્ર ધનુર્માસમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શિષ્ય સ્વામી પ્રેમવલ્લભદાસજીના વક્તાપદે 'પંચદિનાત્મક પુરુષોત્તમપ્રકાશ કથા' તથા 'દિવ્ય શાકોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સરધારથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી પોતાના સંતમંડળ સહિત પધારી ત્રણ દિવસ સુધી પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રી દ્વારા રચિત 'શ્રીહરિલીલામૃત'ના ગ્રંથના આધારે કશિયાભાઈના આખ્યાન દ્વારા કથા-વાર્તાનો અલૌકિક લાભ આપ્યો હતો. તા. ૨૮-૧૨-૦૮ના રોજ દિવ્ય અને ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ શ્રી ઘનશ્યામમહારાજને ધરાલેવા રીંગણાના શાકના મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## વાઘોડિયામાં યોજાયેલ મહાપૂજા પ્રસંગે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

તા. ૨૪-૧૨-૦૮ના રોજ વાઘોડિયા ખાતે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વડતાલથી પ.પૂ. લાલજી મહારાજશ્રી સંતમંડળ સાથે પધાર્યા હતા.

શ્રીજીમહારાજ અને ધર્મકુલ પરીવાર તેમજ પાંચસો પરમહંસોનું ષોડ્શોપચારથી પૂજન કરી મહાપૂજાની પૂર્ણાહુતી કરવામાં આવી હતી.

ત્યારબાદ યજમાનશ્રી દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પુષ્પમાળા પહેરાવી ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. અંતમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ યજમાન પરીવારને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

## જેતપુરને આંગણે ઉજવાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા

ભગવાન શ્રીહરિના ગાદિસ્થાન એવા જેતપુરને આંગણે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા તા. ૪-૧-૦૯ના રોજ ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

સવારે ૯.૦૦ કલાકે સત્સંગ સભાની શુભ શરૂઆત કરવામાં આવી હતી. આ સભામાં મંદિરના મહંત પૂ. ભક્તિસંભવદાસજી સ્વામી તેમજ સરધારથી પધારેલ પૂ. સ્વામી શ્રી આનંદસ્વરૂપદાસજી , પૂ. પૂર્ણસ્વરૂપદાસજી સ્વામી વગેરે પૂ. સંતોએ સત્સંગ કથા-વાર્તાનો અમૂલ્ય લ્હાવો આપ્યો હતો.

સત્સંગ સભાના અંતમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ ઠાકોરજીને ધરાવેલા રીંગણાના શાકના મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## ખોપાળાને આંગણે ઉજવાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા

ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં ખોપાળાને આંગણે શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા તા. ૪-૧-૦૯ના રોજ ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

સવારે ૯.૦૦ કલાકે સત્સંગ સભાની શુભ શરૂઆત કરવામાં આવી હતી. આ સભામાં મંદિરના કોઠારી પૂ. મુક્તસ્વરૂપદાસજી સ્વામી તેમજ પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજી વગેરે પૂ. સંતોએ સત્સંગ કથા-વાર્તાનો અમૂલ્ય લ્હાવો આપ્યો હતો.

સત્સંગ સભાના અંતમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ ઠાકોરજીને ધરાવેલા રીંગણાના શાકના મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## નાની મોણપરીને આંગણે ઉજવાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા

તા. ૯-૧-૦૯ના રોજ વિસાવદર તાલુકાના નાની મોણપરી ગામને આંગણે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૮-૧-૦૯ના રોજ રાત્રિના પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી પોતાના સંતમંડળ સહિત પધારી સત્સંગ કથા-વાર્તાનો અમૂલ્ય લ્હાવો આપ્યો હતો.

તા.૯-૧-૦૯ના રોદ સત્સંગ સભા બગસરાથી પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજી વગેરે પૂ. સંતો પધારી સત્સંગ કથા-વાર્તાનો અમૂલ્ય લ્હાવો આપ્યો હતો.

સત્સંગ સભાના અંતમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ ઠાકોરજીને ધરાવેલા રીંગણાના શાકના મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## પેટલાદમાં યોજાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં પેટલાદને પવિત્ર ધનુર્માસમાં વરજાંગ જાળિયા નિવાસી પૂ. પુરાણી શ્રી શ્રીહરિદાસજી સ્વામીના વ્યાસાસને સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'નું આયોજન કરવામાં આવ્યું હતું. પારાયણ દરમ્યાન ભક્તજનોના ખૂબજ ઉત્સાહ સાથે પૂ. વક્તાશ્રી દ્વારા ઘનશ્યામજન્મોત્સવ, ગાદી પટ્ટાભિષેક, રાસોત્સવ વગેરે ઉત્સવો પોતાની ભાવવાહી સુમધુર શૈલીમાં ગીત-સંગીતની સાથે ઉજવવામાં આવ્યા હતા. આ પ્રસંગે તા. ૧૧-૧-૦૯ના રોજ વડતાલથી પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. તેઓનું પૂ. સંતો તેમજ યજમાનશ્રી દ્વારા પુષ્પમાળા પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. પૂ. સંતો-ભક્તોના પ્રાસંગિક ઉદ્‌બોધન પછી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સહુ ભક્તજનોને આશીર્વાદની અમૃતવર્ષા વરસાવી હતી. ત્યારબાદ સૌ કોઈ ભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીના સમીપ દર્શનનો લ્હાવો લીધો હતો.

## ચિત્તલને આંગણે ઉજવાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા

તા. ૧૨-૧-૦૯ના રોજ અમરેલી તાલુકાના ચિત્તલ ગામનો આંગણે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

સવારે ૯.૦૦ કલાકે સત્સંગ સભાની શુભ શરૂઆત કરવામાં આવી હતી. આ સભામાં સરધારથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી પોતાના સંતમંડળ સહિત તેમજ બગસરાથી પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજી વગેરે પૂ. સંતો પધારી સત્સંગ કથા-વાર્તાનો અમૂલ્ય લ્હાવો આપ્યો હતો.

સત્સંગ સભાના અંતમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ ઠાકોરજીને ધરાવેલા રીંગણાના શાકના મહાપ્રસાદનો લાભ લીધો હતો.




## શ્રી સ્વામિનારાયણ ચિંતન અંકના ગ્રાહક ભક્તોને નમ્ર વિનંતિ

વ્હાલા ગ્રાહક ભક્તો ! આપને ત્યાં આવતા 'શ્રી સ્વામિનારાયણ ચિંતન' અંક જો સમયસર ન મળતો હોય તો 'ચિંતન કાર્યાલય - સરધાર' જાણ કરી આપના એડ્રેસ **પીનકોડ** અવશ્ય લખાવવો. જેથી કરી આપને સમયસર જલદીથી અંક મળી જાય છે. અને આપને કદાચ જો સમયસર અંક ન મળતો હોય તો તેનું કારણ એડ્રેસ બરાબર નહિ અથવા તેમાં **પીનકોડ** ન હોવાને કારણે અથવા આપે ભરેલ લવાજમ'ચિંતન કાર્યાલય - સરધાર' પહોંચ્યું નહિ હોય જેથી કરીને સમયસર અંક ન મળવાનું કારણ છે. માટે આપ આપના નજીકના કાર્યકરનો સંપર્ક સાધો અથવા **'ચિંતન કાર્યાલય - સરધાર' ફો. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧ મો. ૯૮૭૯૭ ૫૮૫૦૩**માં જાણ કરવા વિનંતી.

દર મહિનાના પહેલા રવિવારે સરધાર અને મહિનાના છેલ્લા શનિવારે રાજકોટમાં યોજાતી

## :: અભયદાન સત્સંગ સભા ::

**સરધાર :** તા. ૦૧-૦૨-૨૦૦૯, મહા સુદ - ૬ **સમય :-** સવારે ૯ થી ૧

**રાજકોટ :-** તા. ૨૪-૦૧-૦૯, પોષ વદ - ૧૩, શનિવાર **સમય :-** રાત્રે ૯ થી ૧૧


**સંપર્ક :-** શ્રી મહેન્દ્રભાઈ પાટડીયા - મો. ૯૪૨૬૨૨૯૫૫૮ ★ શ્રી કરશનભાઈ ઢાંકેચા - મો. ૯૪૨૬૭૮૧૧૭૯

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ કથાકાર

## પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની આગામી કથા-પારાયણો તથા મહોત્સવો

| ક્રમ | તારીખ | કથા સ્થળ |
|---|---|---|
| ૦૧. | ૨ થી ૮ ફેબ્રુઆરી - ૨૦૦૯ | **મુ. ઉતરાજ, તા. સિનોર, જી. વડોદરા** **સંપર્ક** : મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૯૨૫૧૮૭૫૪૪ |
| ૦૨. | ૧૧ થી ૧૭ ફેબ્રુઆરી - ૨૦૦૯ | **મુ. પંડોળી, તા. પેટલાદ, જી. આણંદ** **સંપર્ક** : મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૯૨૫૮૬૧૬૨૪ |
| ૦૩. | ૨૧ થી ૨૭ ફેબ્રુઆરી - ૨૦૦૯ | **મુ. ફુરાલ, તા. પાદરા, જી. વડોદરા** **સંપર્ક** : પૂ. ઘનશ્યામ સ્વામી - મો. ૯૮૨૫૧૩૪૧૦૮ |
| ૦૪. | ૧ થી ૭ માર્ચ - ૨૦૦૯ | **સ્થળ :- વ્રજધામ સોસાયટી, ધમધમીયા પુલ પાસે, જલાલપોર રોડ, નવસારી** **સંપર્ક** : **ધીરુભાઈ** - મો. ૯૯૭૮૯૭૦૦૭૫, **વાલજીભાઈ** - મો. ૯૮૨૪૭૧૦૦૪૦ **નરસિંહભાઈ** - મો. ૯૪૨૭૧૨૭૨૯૬, **દુર્લભજીભાઈ** - મો. ૯૩૨૮૦૧૬૪૨૧ |
| ૦૫. | ૧૧ થી ૧૫ માર્ચ - ૨૦૦૯ | **'દુર્ગપુર ફાર્મ હાઉસ' મુ. સરંભડાના સિમાડે, તા. ગારિયાધાર, જી. ભાવનગર** **સંપર્ક : ભરતભાઈ** મો. ૯૩૭૫૧૮૫૬૦૭, **રમેશભાઈ** - મો. ૯૩૭૫૦૨૪૭૬૦ |
| ૦૬. | ૧૭ થી ૨૫ એપ્રિલ - ૨૦૦૯ | **મું. નાના માચીયાળા, તા.જી. અમરેલી.** **સંપર્ક : ઘનશ્યામભાઈ કરડ** - મો. ૯૮૭૯૪૨૨૨૯૯, ૯૮૨૫૧૪૧૩૪૨ |
| ૦૭. | ૨૬ એપ્રિલ ૨ મે - ૨૦૦૯ | **મું. ઘોરા, તા. ઉમરેઠ, જી. આણંદ.** **સંપર્ક** : મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૪૨૭૩૮૬૯૨૯ |
| ૦૮. | ૩ થી ૯ મે - ૨૦૦૯ | **યોગી ચોક, ચોપાટી સામે, વરાછા રોડ, સુરત.** **સંપર્ક** : મો. ૯૮૭૯૭૫૮૫૧૩, ૯૮૭૯૫૧૮૨૫૯, ૯૩૭૫૦૨૪૭૬૦ |
| ૦૯. | ૧૧ થી ૧૯ મે - ૨૦૦૯ | **સ્વામી શ્રી શ્યામવલ્લભદાસજી, શ્રી સ્વા. મંદિર, ગોકુળ હોટલની સામે, એસ.વી. રોડ, બોરિવલી (વેસ્ટ) સંપર્ક** : ફો.નં. ૦૨૨ ૨૮૯૦૩૭૧૭ |
| ૧૦. | ૨૧ થી ૨૪ મે - ૨૦૦૯ | **'શ્રી સ્વામિનારાયણ બાગ' શ્રી સ્વા. મંદિર, સરધાર, તા.જી. રાજકોટ.** **સંપર્ક** : ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩ |
| ૧૧. | ૨૬ મે થી ૩ જૂન - ૨૦૦૯ | **શ્રી સ્વામિનારાયણ મંદિર - મુ. દાહોદ** **સંપર્ક** : મનહરભાઈ ફો.નં. ૦૨૬૭૩ - ૨૪૭૭૫૭, મો. ૯૯૨૫૦૩૦૮૧૮ |

## છપાય છે... છપાય છે... ટૂંકસમયમાં જ વ્રત-ઉત્સવનો નિર્ણય છપાય છે... છપાય છે...




વ્હાલા ભક્તજનો ! ટૂંકસમયમાં જ દક્ષિણ વિભાગ વડતાલ દેશ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન દ્વારા નિર્ણય છપાય છે તો જો આપ તેમાં પોતાનું નામ અથવા કંપની, ઓફિસ, ફેકટરી યા તો દુકાનનું નામ શુભેચ્છ તરીકે આપવા ઈચ્છતા હોય તેમણે તેમજ નિર્ણયમાં આપવામાં આવતી મંદિરોની યાદીમાં આપના ગામનું નામ જો ન હોય અથવા આપની જાણમાં કોઈ મંદિરનું નામ બાકી રહી ગયું હોય તો નીચે જણાવ્યા પ્રમાણે સંપર્ક કરવો.

**પૂ. ઘનશ્યામી સ્વામી** - મો. ૯૮૨૫૧૩૪૧૦૮ **પ.ભ. શ્રી નનુમામા** - મો. ૯૮૨૫૨૩૪૩૬૨

**ચાલો ઉતરાજ...** ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ **પધારો ઉતરાજ...**

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના **'ગાદિ પટ્ટાભિષેક'**ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે **શ્રી સ્વામિનારાયણ મંદિર - ઉતરાજ**નો ભવ્ય

# પંચાબ્દિ ૫ મહોત્સવ

અંતર્ગત

## • શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ
## • સર્વરોગ નિદાન કેમ્પ • રક્તદાન કેમ્પ

**વક્તા** પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ ( હાલ-સરધાર)



શ્રી હરિકૃષ્ણ મહારાજ - વડતાલ



અધ્યક્ષશ્રી : પ.પૂ.ધ.ધુ. મહારાજશ્રી





ઉપાધ્યક્ષશ્રી : પ.પૂ. લાલજી મહારાજશ્રી

આંતરરાષ્ટ્રીય શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ 2009

## તારીખ : ૨ થી ૮ ફેબ્રુઆરી - ૨૦૦૯

કથા સમય :- સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ બપોરે ૩.૦૦ થી ૬-૦૦

આયોજક :- શ્રી સ્વામિનારાયણ મંદિર તથા સમસ્ત સત્સંગ સમાજ - ઉતરાજ

મહોત્સવ સ્થળ 'સાર્વજનિક સ્કુલ' મું. ઉતરાજ, તા.સિનોર, જી. વડોદરા સંપર્ક : પૂ. ઘનશ્યામસ્વામી - મો. ૯૮૨૫૧૩૪૧૦૮ હરિકૃષ્ણભાઈ - મો. ૯૯૨૫૧૮૭૫૪૪



**ચાલો પંડોળી...** ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ **પધારો પંડોળી...**

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ મંદિર - પંડોળીનો ભવ્ય

# ૨૧ મો વાર્ષિક પાટોત્સવ

અંતર્ગત

## શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ તથા શ્રીહરિયાગ યજ્ઞ

**વક્તા** પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ ( હાલ-સરધાર)





અધ્યક્ષશ્રી : પ.પૂ.ધ.ધુ. મહારાજશ્રી



આંતરરાષ્ટ્રીય શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ 2009



ઉપાધ્યક્ષશ્રી : પ.પૂ. લાલજી મહારાજશ્રી

કથા સમય :- સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ • બપોરે ૩.૦૦ થી ૬-૦૦

આયોજક :- શ્રી ઘનશ્યામ મહિલા મંડળ તથા સમસ્ત સત્સંગ સમાજ - પંડોળી

## તારીખ : ૧૧ થી ૧૭ ફેબ્રુઆરી - ૨૦૦૯

**મહોત્સવ સ્થળ** મું. પંડોળી, તા.પેટલાદ, જી. આણંદ

સંપર્ક : પૂ. ઘનશ્યામસ્વામી - મો. ૯૮૨૫૧૩૪૧૦૮, મનોજભાઈ - મો. ૯૯૨૫૮૬૧૬૨૪




**પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ દ્વારા ભાવનગર શહેરને આંગણે યોજાયેલ 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ' (તા. ૧૪-૧૨-૦૮ થી ૨૨-૧૨-૨૦૦૮)**

**૧. શહેર મુખ્ય માર્ગ ઉપરથી પસાર થતી પોથીયાત્રા ૨. કથા અંતર્ગત ઘનશ્યામજન્મોત્સવનું પૂજન-અર્ચન કરતા યજમાન પરિવાર. ૩. ઘનશ્યામજન્મોત્સવની ઉજવણી કરતા સંતો-હરિભક્તો. ૪. સમૂહમાં ઘનશ્યામજન્મોત્સવ આરતીનો લાભ લેતા ભક્તજનો. ૫. કથા અંતર્ગત ગાદી પટ્ટાભિષેક મહોત્સવ પ્રસંગે ઠાકોરજીનો પંચામૃત-કેસરાદિક જળે કરીને અભિષેક કરતા પૂ. કોઠારી સ્વામી તથા યજમાન પરિવાર. ૬. કથા અંતર્ગત અન્નકૂટોત્સવ. ૭. મહોત્સવમાં પધારેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગતપૂજન કરતા મુખ્ય યજમાનશ્રી ગોરધનભાઈ દેસાઈ (જેજાદ). ૮. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત કરતા આયોજક શ્રી અમરશીભાઈ ખાદી. ૯. ભક્ત સમૂદાયને રૂડા આશીર્વાદ પાઠવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૧૦. પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય અમૃતવાણીનો લાભ લેતા ભક્તજનો. ૧૧/૧૨. શ્રીમદ્ સત્સંગિજીવન કથાનું રસપાન કરાવતા પૂ. સ્વામી તથા કથાનો આસ્વાદ માણતા ભક્ત સમૂદાય.**

























**પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ દ્વારા જૂનાગઢ શહેરને આંગણે યોજાયેલ 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ' (તા. ૩૧-૧૨-૦૮ થી ૮-૧-૨૦૦૯)**

૧. પ.પૂ. લાલજી મહારાજશ્રીને ભેટતા કથાના વક્તા પૂ. સ્વામી. ૨. પ.પૂ. લાલજી મહારાજશ્રીને આવકારતા મહોત્સવના મુખ્ય યજમાન શ્રી રઘુભાઈ વઘાસિયા. ૩. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન કરતા કથાના મુખ્ય યજમાન શ્રી ચંદુભાઈ કોટેચા- કેશોદ. ૪. જૂનાગઢના ડી.આઈ.જી માન. શ્રી અનિલકુમારને મૂર્તિ અર્પણ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૫. ભક્તજનોને અમૃતમય આશીર્વચન પાઠવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૬. પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય અમૃતવાણીનો લાભ લેતા ભક્તજનો. ૭. કથા અંતર્ગત ઘનશ્યામજન્મોત્સવનું પૂજન-અર્ચન-આરતી કરતા યજમાન પરિવાર. ૮. જૂનાગઢના ધારાસભ્ય માન. શ્રી મહેન્દ્રભાઈ મશરુને પુષ્પમાળા પહેરાવતા પૂ. વક્તાશ્રી. ૯. કથા અંતર્ગત ગાદી પટ્ટાભિષેક મહોત્સવ પ્રસંગે ઠાકોરજીનો પંચામૃત-કેસરાદિક જળે કરીને અભિષેક કરતા પૂ. કોઠારી સ્વામી તથા યજમાન પરિવાર. ૧૦. કથા અંતર્ગત અન્નકૂટોત્સવ. ૧૧/૧૨. શ્રીમદ્ સત્સંગિજીવન કથાનું રસપાન કરાવતા પૂ. સ્વામી તથા કથાનો આસ્વાદ માણતા ભક્ત સમૂદાય.



**પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે ૧૦૦ કરોડ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર લેખન શુભારંભ મહોત્સવ.(વડતાલ, તા. ૨૩-૧૨-૦૮)**

૧. મહોત્સવનું દિપ પ્રાગટ્ય કરતા બંને પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. જીજાજી તેમજ પૂ. વડિલ સંતો. ૨. પ.પૂ. લાલજી મહારાજશ્રીને પુષ્પમાળા પહેરાવી પૂજન કરતા પૂ. સ્વામી તથા પૂ. સંતો. ૩. સભામાં મંગલ ઉદ્‌બોધન કરતા પૂ. સ્વામી. ૪. 'સત્સંગ પરિભ્રમણ' ડી.વી.ડી.નું વિમોચન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૫. ભક્તજનોને આશીર્વાદ પાઠવતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી. ૬. હરિભક્તોને મહામંત્ર લેખન શુભારંભ પ્રસંગે રૂડા આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૭. મહોત્સવનો લાભ લેવા પધારેલ દેશ-વિદેશના ભક્તજનો તથા પૂ. સંતોની દિવ્ય સભા. ૮. સભામંચમાં દિવ્ય દર્શન આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૯/૧૦. સભાને અંતે પ.પૂ. લાલજી મહારાજશ્રી અને સંતોનો દિવ્ય રાસ. ૧૧. રાસોત્સવના દિવ્ય દર્શનથી આનંદમાં ઝૂમી ઉઠતા ભક્તજનો. ૧૨. પૂર્ણાહુતીની આરતી ઉતારતા પૂ. વડિલ સંતો તથા યજમાનશ્રી.

Shree Swaminarayan Chintan, January - 2009 Reg. No. GRJ - 517, Valid upto 31-12-2011, RNI No. GUJGUJ10785/06/1/03 - TC



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે
૧૦૦ કરોડ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર લેખનનો શુભારંભ કરાવતા બંને પ.પૂ. લાલજી મહારાજશ્રી.(વડતાલ, તા. ૨૩-૧૨-૦૮)



છપાઈકલા : શ્રીહરિ ક્રિએટીવ સ્ટુડીયો - સુરત. મો. ૯૮૨૫૦૩૦૨૫૦, પરેશ જાદુગર - આણંદ.
Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Shree Swaminarayan Temple - Sardhar and Printed at Shreej art, GF 12 Ashirvad Shopping Center, Nr. Deepak Petrol Pump, Opp. Kothawala Flats, Paldi, Ahmedabad.